ઓતરાતી દીવાલો

લેખક

અધ્યાપક કાલેલકર

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ

ગ્રાહકોને ૦-૨-૦ સંવત

છૂટક ૦-૬-૦ ૧૯૮૧

મુદ્રક પ્રકાશક વેણીલાલ છગનલાલ બૂચ
સરખીગરાની વાડી, સારંગપુર,
અમદાવાદ

પ્રવેશક

ગાંધીજીએ આશ્રમને માટે સ્થાન બહુ જ સરસ પસંદ કર્યું છે ઉત્તર તરફ જેલની દીવાલો દેખાય છે, અને દક્ષિણ તરફ દૂધેશ્વરનું સ્મશાન છે સામી બાજુ શાહીબાગથી માંડીને એલીસ બ્રિજ સુધી પથરાએલા અમદાવાદના ભૂંગળા દેખાય છે, અને પાછલી બાજુ વગડા સિવાય કશું નથી આવે ઠેકાણે રહ્યા પછી ચારે તરફ નજર ગયા વગર રહે જ નહિ વખત મળે એટલે ખૂબ રખડીએ આસપાસની બધી સીમ જોઈ પણ પેલી ઓતરાતી દીવાલોની પેલી પાર શું છે અને સ્મશાનની પેલી પાર શું છે એનો જવાબ મળવો સહેલ ન હતો સરકારની કૃપાથી એક સવાલનો જવાબ મળ્યો બીજા સવાલનો જવાબ ઈશ્વરની કૃપા થાય ત્યારે!

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

જેલના અનુભવ એટલે જેલના અમલદારો સાથેના પ્રસગ, મજૂરી કરતા પડેલા કષ્ટો, બીજા કેદીઓ સાથેની વાતચીત, અથવા તો જેલમા મળતા આરામના વખતમા વાચેલી ચોપડીઓ અને લખેલા લખાણો, એવો જ ખ્યાલ આવે પણ જેમા માણસનો સબન્ધ ન હોય એવા પશુપક્ષી, ઝાડપાન, ટાઢતડકા, વરસાદ ને ઉમસના અનુભવ કઈ ઓછો નથી હોતો જિદગીનો મોટો ભાગ જેણે શહેર બહાર જ ગાળ્યો છે નવરાશના મહિનાઓ મુસાફર થઈ રખડવામા ગાળવામા જેણે આનન્દ માન્યો છે એના મારા જેવાને જેલની ચાર દીવાલની અદર એવો અનુભવ ન મળે તો તેની શી વલે થાય? મારી દૃષ્ટિએ આ વિભાગનો જેલનો અનુભવ અત્યન્ત મહત્ત્વનો તેમજ રમણીય છે આ અનુભવમા ઈર્ષાદ્વેષ કશુ ન મળે, દયા ખાવાપણુ કે દયા કરવાપણુ બહુ જ ઓછુ હોય અને છતા હૃદયને જોઈતો ખોરાક પૂરેપૂરો મળે

જેલનો પ્રવેશવિધિ પૂરો થયો અને હુ યુરોપીઅન વૉર્ડની એક કોટડીનો સ્વામી બન્યો આ ઓરડીમા ઊંચે બે જાળિયા હતા પણ તે હવાને માટે હતા અજવાળુ આપવાનુ તેમનુ કામ ન હતુ અજવાળુ તો કોટડીના લગભગ મારા કાંડા જેવા સળિયાવાળા બારણામાથી જેટલુ આવે તેટલુ જ આગણામા લીમડાના અઢાર ઝાડ હારબધ ગોઠવાએલા હતા પાનખર ઋતુ હતી એટલે પીળા પાદડા સવારથી સાજ સુધી પડયા જ કરે આઠ દિવસની અદર લગભગ બધા જ પાદડા ખરી પડયા અને અઢારે અઢાર ઝાડ ક્ષપણક જેવા નાગા દેખાવા લાગ્યા આ સ્થિતિ જોઇને મને બહુ આનન્દ ન થયો મે કહ્યુ 'કથ પ્રથમમેવ ક્ષપણક ' '

અમારા મકાનની જમણી બાજુ પર દાબડે બાપાના વાવેલ કેટલાક છોડ હતા બે આબાના, બે લીમડાના ને એક જાંબુનો બાપા આ બધા ઝાડની અપત્યસદશ સારવાર કરતા પ્રેમનો ઉમળકો આવે એટલે પોતાની કાનડી ભાષામા ઝાડો સાથે વાતો પણ કરતા અને મારી સાથે તેને લગતી વાતો કરતા તો બિલકુલ થાકતા જ નહિ જમી રહ્યા પછી અમે આ છોડ વચ્ચે બેસીને વાસણ ઉટકતા જસતના આ વાસણ ઉટકવાની ખાસ કળા હોય છે મુનિ જયવિજયજીએ આ કળામા અસાધારણ પ્રાવીણ્ય મેળવ્યુ હતુ ભારે ઉમગથી અને થોડીક જબરદસ્તીથી તેમણે મને એ ઉપયુક્ત કળાની દીક્ષા દી'ધી બીજે જ દિવસ તેઓ જેલ બહાર ગયા એટલે એક જ પાઠનો હુ ભાગ્યશાળી થયો જસતના વાસણનુ તેજ એ તો જાહેર કામ કરનાર દેશસેવકની આબરૂ જેવુ હોય છે રોજ સાવધ ન રહે તો જોતજોતામા ઝાખુ પડી જાય એના

પર જરાક ઝાખપ આવે કે સ્નેહપ્રયોગ કરવો પડે સાથે કઇક ખટાશનો પણ અનુભવ કરીએ તો વધારે ઠીક '

સાજના ૭ વાગ્યા એટલે અમે પોતપોતાની કોટડીમા પૂરાયા ખટ ખટ ખટ અવાજ કરતા તાળાએ સરકારને ખાતરી આપી કે કેદી રાત્રે નાસી જાય એમ નથી પણ નર્યા તાળાનો વિશ્વાસ શો ? રાત્રે લગભગ અર્ધે અર્ધે કલાકે ફાનસો આવી ખાતરી કરી લેતા કે કેદી અલોપ થયો નથી જાગતો ન હોય તોપણ જગા પડે જાગતા હોઇએ તો ફાનસને અમારૂ ને અમને ફાનસનુ દર્શન થતુ જેલ બહાર ઠીક ઉજાગરા થએલા તેથી જેલમા સ્થિતિ થયા બાદ ઊંઘવાનુ જ કામ મે પ્રથમ આદર્યુ ઊંઘ ખાતે રોજના સરેરાશ ચૌદ કલાક મડાતા આઠ દિવસમા ઊંઘની ઉઘરાણી પૂરી કરી અન નવા અનુભવને માટે તૈયાર થયો

સવારે, બપોરે ને સાજે અમારી દોસ્તી કરવાના ઇરાદાથી કેટલીક ખીસકોલીઓ આવતી ખીસકોલીઓને જોઇને મારૂ મન બહુ જ ઉદાસ થયુ કૉલેજમા ભણતો ત્યારે મે એક ખીસકોલીનુ બચ્ચુ પાળ્યુ હતુ એક વરસ સુધી મારી સાથે વસીને અક્ષયતૃતીયાને દિવસે તે અક્ષરધામ ગએલુ તેનુ મને સ્મરણ થયુ ખીંટી પર ટાગેલા સાઇકલના પૈડા પર ચઢવાનો તે પ્રયત્ન કરતુ પૈડુ ગોળ ગોળ ફરતુ છતા ઉપર તો ચઢાતુ જ ન હતુ એમ જોઇ તે રોઈ પડતુ હુ દૂધ પીતો હોઉં ત્યારે મારા પોચા પર બેસી મારી સાથે જ તે દૂધ પીતુ એ અને એવા બીજા અનેક પ્રસંગો યાદ આવ્યા

કાગડાઓ પણ અનેક આવતા, પણ તે મારી સાથે દોસ્તી બાધે જ શેના ? મારા પડોશમા કેટલાક સિધી

મુસલમાન ગજદારી કેદીઓ રહેતા, તેમની પાસેથી આ હાડિયા મહાશયોને માસ તેમજ હાડકાના કકડા મળતા, એટલે તેમણે ત્યા જ દોસ્તી બાધી હતી

એક દિવસ બપોરે મારી ઓરડી પાસે થઇને જતી કીડીઓની એક હાર મે જોઇ તેમની પાછળ પાછળ હુ ચાલ્યો કેટલીક કીડીઓ વૈતરાકામ કરનાર મજૂરો હતી, કેટલીક આગળ પાછળ દોડનાર વ્યવસ્થાપકો હતી, અને કેટલીક તો વ્યાજ ઉપર જીવનાર શેઠિયાની પેઠે અમસ્થી જ આમતેમ ફરનારી હતી થોડીક કીડીઓ રસ્તો છોડીને આસપાસના મુલકમા ફરી આવતી અને દૂર સુધી જઇ પાછી આવ્યા પછી કોલબસ કે મગો-પાર્કની પેઠે પોતાની મુસાફરીના બયાન વ્યવસ્થાપકો આગળ રજુ કરતી મે રોટલીનો ભુક્કો કરી તેમના રસ્તાની બાજુ પર બેએક હાથ દૂર મૂકી દીધો અડધીક ઘડીની અદર આ શોધક મુસાફરોને તેની ભાળ લાગી તેમણે તરત જઇને વ્યવસ્થાપકોને રીપોર્ટ કર્યો હુકમ બદલાયા, રસ્તો બદલાયો અને સાજ સુધીમા ખોરાકની નવી ખાણ ખાલી થઇ કોઇ પણ મજૂર પર બોજો વધારે થએલો દેખાય કે તરત જ વગર બોલાવ્યે બીજા મજૂરો આવીને હાથ દે (દઇ) છે — અરે ભૂલ્યો, પગ દે છે પણ બોજો કયે રસ્તે ખચવો તે વિષે તેઓ જલદી એકમત થતા નથી તેથી બે કીડીઓ બોજાની તાણાતાણી કરતી ગોળગોળ ફરે છે આખરે એકમત થયા પછી મગરેલા વખતનુ સાટુ વાળવા તેઓ ઉતાવળે ચાલતી થાય છે

આ કીડીની હ(ા)ર આવે છે ક્યાથી એ જોવાનુ મને મન થયુ અને ધીમે ધીમે હુ ચાલ્યો પાછળની બાજુમા ઓટલા નીચે એક દર હતુ તેમાથી કીડી બાઇઓની આ વિસૃષ્ટિ નીકળતી

હતી પાસે જ માટીના જેવો લાલ ઢગલો દેખાયો નજીક જઇને જોયુ તો તે કીડીઓનુ સ્મશાન હતુ ધ્યાનપૂર્વક નિહાળવામા થોડોક વખત ગાળ્યા પછી બે કીડીઓ દરમાથી બહાર આવતી નજરે પડી મડદા સ્મશાનમા ફેકી દઈ તેઓ સીધી પ ડી ગઇ કઇ નહિ તો પાચ સાતસો મડદા ત્યા ભેગા પડ્યા હતા આ કીડીઓની સમાજરચના કેવી હશે, તેમના સુધરાઇખાતાના નિયમો કેવા હશે, શા હેતુથી આવા સ્મશાનો તેઓ ગોઠવતા હશે એ વિષે અનેક વિચારો મનમા આવ્યા બીજા કયા કયા પ્રાણીઓમા સ્મશાનભૂમિની ગોઠવણ હોય છે એ જાણવાનુ મન થયુ મધમાખો વખતે સ્મશાન-સ્થાન નક્કી કરતી હશે મ કોડાઓ તો અલબત કરે જ છે શા માટે બીજા પ્ર ણીઓમા એ બુદ્ધિ નથી એ વિષે પણ ઘણા વિચારો મનમા આવ્યા

પાનખર ઋતુ હતી છતા ઉનાળો બેઠો ન હતો દામડે બાપા વગ્ગ્રુ પાન ભારે જહેમત ચલાવીને જેલમા તમણે નહાવા માટે રોજ ગ મ પાણીનો હક મેળવ્યો હતો સવારે ધુમમ ફેલાતુ દયાળજીભાઇ અમારી સાથે રહેવા આ યા ત્યારે સવારે તેમની સાથે ધુમસમા આટા મારતા ખૂબ મજા પડતી આજુબાજુની દીવાલો કે મકાનો પણ દેખાતા ન હતા નાનપણમા બેલગામથી સાવતવાડી જતા આબોલી-ઘાટમા કેટલીયે વાર આવા અનુભવ લીધેલા તે યાદ આવ્યા ધુમસ ફેલાયુ હોય ત્યારે ઝપાટાબધ ચાલવાનો ઉમ ગ ખૂબ વધે છે કપડા પૂરતા પહેરેલા હોય ને માથુ ઉઘાડુ હોય ત્યારે તો વળી વધારે આનન્દ આવે છે ટાઢ અને ધુમસ નાકને, આખને, કાનને ગદબદિયા કરે છે ટાઢ વધારે હોય તો સખત કરડે

પણ ખરી મૂછ ઉપર ઝાકળ પડે અને ઝપાટાબંધ ચાલતા શ્વાસ ગરમ થઈ ઝાકળના બિંદુ મોટા મોટા થઈ જાય, એ અનુભવ જેણે લીધો હોય તે જ ધુમસમા ચાલવાનો આનન્દ ઓળખી શકે

ધુમસમાથી દેખાતુ આસપાસનુ અસ્પષ્ટ ચિત્ર જોઈ કેશવસુત કવિએ વર્ણવેલા કવિહૃદયની સ્થિતિ યાદ આવી

कविच्या हृदयी उज्ज्वलता
आणिक मिळनी अंधुकता ।
तीच स्थिति हा भासतसे
सृष्टि कवयित्री न दिसे ॥

ધ્યાન અને તપસ્યાથી ઋષિમુનિઓ જે તત્ત્વનુ સ્પષ્ટ દર્શન કરે છે તેનુ સહેજ સ્પષ્ટ અને સહેજ ઝાખુ દર્શન કવિઓને સહેજે થાય છે તેથી જ કેશવસુતે ધુમસવાળા પ્રભાતકાળને કવિહૃદયની ઉપમા આપી છે

એક દિવસ બપોરે અમે આટા મારતા હતા, અગામા દયાળજીભાઈના પગ તળે એક મકોડો ચગદાઈ ગયો એમનુ તો ત્યા ધ્યાન પણ ન ગયુ, પણ મારા ઘટમા તો રુદનુ કઈ થઈ ગયુ બિચારો મકોડો કેમ મરી ગયો, એણે શુ પાપ કર્યુ હતુ, વગરગુન્હે એને આવુ મોત કેમ આવ્યુ, દુનિયામા નીતિનુ સામ્રાજ્ય છે કે અકસ્માતનુ, આવા આવા વિચારો એક જ ક્ષણની અદર આવ્યા અને ગયા ફરી નવો વિચાર આવ્યો કે આવુ મોત માઠુ જ શા માટે ગણવુ? મકોડાને એક ભવમાથી આ રીતે રજા મળી તે તેના કોઈ પણ ગુન્હાની સજા રૂપે મળી કે કોઈ સત્કર્મને માટેના ઇનામ તરીકે મળી એનો

નીવેડો કોણ આણી શકે ? પ્રાણીમાત્ર મોતથી ડરે છે, મોતથી ભાગતા ફરે છે એ યોગ્ય છે કે અયોગ્ય ? મોતથી નાસી જવુ એ પ્રાણીમાત્રનો જન્મસિદ્ધ સ્વભાવ છે એ સ્વભાવ યોગ્ય છે કે અજ્ઞાનમૂલક છે એ કોણ કહી શકે ? ફરી વિચાર આવ્યો, મોત ગમે તે રીતે આવો, પણ અજાણ્યે મોત આવે એ કેમ પાલવે ? મોત આવવાનુ છે એમ જાણ્યા પછી જે મોતનો સાક્ષાત્કાર થાય છે તે કિમતી અનુભવથી વચિત થવુ એ શુ દુર્ભાગ્ય નથી ? અને કોણ કહી શકે છે કે મોતમા અમુક જાતની લિજ્જત નહિ જ હોય ? ઊંઘનુ આગમન જો મીઠુ હોય તો મોતનુ કેમ ન હોય ? ફાસી જનાર માણસને આઠ દસ દિવસની નોટિસ મળે છે એટલા દિવસમા પરલોક માટેની કેટલી મજાની તૈયારી તે કરી શકે એમ છે ?

૭

થોડા જ દિવસમા ફાંસીખોલીમા મારી બદલી થઇ ફાંસીખોલી એટલે ફાંસી દેવાની જગા પાસે જ આવેલી ફાંસીની સજાવાળા કેદીઓને રાખવાની આઠ ઓરડીઓ સાબરમતી જેલમા આ જગા સૌથી સરસ ગણેલી હોઇ સ્વામી, વાલજીભાઇ પ્રાણશંકર ભટ વગેરે ભાઇઓને અહી રાખવામા આવ્યા હતા સ્વામી તો ગાંધીજીવાળી ઓરડીમા જ રહેતા હતા મને અહી કદાચ વધુ વખત ન રાખે એ શંકાથી સ્વામીએ આગ્રહપૂર્વક ગાંધીજીવાળી ઓરડી મને રહેવા આપી ઊંચી દીવાલની પેલીપાર ઓરતોની જગા હતી અહી આવીને હુ પસ્તાયો દીવાલની પેલીપાર આખી બપોર બૈરાંઓ કપડા ધુએ, તેમના છોકરા રુએ, અને અધૂરામા પૂરુ દસપાંચ સ્ત્રીઓ ઝગડાનો પ્રવાહ અખંડ ચલાવે જેલમા મુસીબતો વેઠવા હુ તૈયાર હતો, પણ આવો કાળકલહ સાંભળવાની તૈયારી કરી ન હતી પણ બે ચાર દિવસમા કાન ટેવાઇ ગયા તેથી કે પછી ' ઓરતોમા ' આવેલી નવી સ્ત્રીઓ જૂની થઇ ગઈ તેથી ઝગડા પ્રમાણમા શાન્ત પડ્યા એમ લાગ્યુ

ફ્રાસીઓવીમા આવતાવેત બે બિલાડીઓની દોસ્તી થઇ એકનુ નામ 'ફોજદાર' હતુ, બીજીનુ નામ હીરા રોજ ઇસ્પિતાલમથી આ બિનાડીઓને નવટાક દૂધ મળવાની ' ખાનગી વ્યવસ્થા ' હતી ખાનગી વ્યવસ્થા એટલે ડાકતર કે જેલરના હુકમ વગર થએની અને ચાલતી આવેલી વ્યવસ્થા જેલ ખાતામા એવી ઝીણી ઝીણી ઘણી વ્યવસ્થાઓ હોય છે કેદીઓ તેમજ તેમના ઉપરી નોકરો બધા જ માણસ હોય છે, એટલે હૃદયવિહીન નિયમનુ પાલન કરની વેળા વણીવાર જેમ તેઓ તેમા કઠોરતા ઉમેરે છે તેમ કેટલીકવાર દયાનુ મિશ્રણ પણ કરે છે સનાન્સાજના રોટલા આવે કે તરત જ અમારે ત્યા તેના ત્રણ ચાર કકડા દૂધમા પલાળી બિલાડીઓ માટે એક ખૂણામા રાખવામા આવતા કોક દિવસ ભૂખ કકડીને લાગી હોય ત્યારે બિલાડીઓ વૉર્ડરના પગ સાથે નાક ઘસીઘસીને તેને વીનવે, અને કોક દિવસ વળી ખાવાનુ પાસે મૂક્યુ હોય તોપણ પહેરાવાર સુધી જોયા જ કરે અને ભર્તૃહરિના હાથીની પેઠે धीर विलोकयति चाटुशतेश्च भुंक्ते આ બે બિલાડીમાથી ફોજદારની પૂછડી બરાબર મધ્યમા લગભગ તૂટવા આવી હતી — રોગથી કે કઇ જખમથી તેની તેને ખબર નહોતી દાબડે બાપા એક દિવસ ઇસ્પિતાલમા ગયા અને મલમ લઇ આવ્યા તે દિવસથી રોજ ફોજદારની માવજત થવા લાગી પણ બાપા એની પૂછડી પકડીને મલમ લગાવે એ સ્થિતિ બિલાડીને પહેલે દિવસે સ્વમાનને બાધક જણાઇ તેણે સૌમ્ય ને આકરા બધા નિષેધો વ્યક્ત કર્યા પણ બીજા જ દિવસથી ફાયદો લાગવાથી તેણે ઍન્ડ્રોક્લિઝના સિંહની વૃત્તિ ધારણ કરી

હું પાછળ કહી ગયો કે દાબડે બાપા કર્ણાટકી બ્રાહ્મણ હતા મરચા વિના તેમને ચાલે નહિ જેલના ખોરાકમા મરચાની અછત તો હોતી જ નથી છતા બાપાનુ તેટલાથી નભતુ નહિ તેમણે આગણામા ખાસા મરચીના છોડ વાવ્યા હતા તેમાથી તેમને રોજ દોથોએક મરચા તાજા તાજા મળતા તેઓ મને કર્ણાટકી જાણી મરચા ખાવાનો આગ્રહ કરતા મે જ્યારે કહ્યુ કે હુ મરચા ખાતો નથી ત્યારે નિરાશ થઈ બોલ્યા, 'ત્યારે તો સાવ ગુજરાતી બની ગયા ! અરે, મરચા ન ખાય તે કર્ણાટકી શાનો ?' આ આરોપ માટે કબૂલ રાખ્યે જ છૂટકો હતો

પછી હોળીના દિવસ આ યા બપોરે પોલીસ કે મુકાદમ ઘોડી પર બેસી ઊંઘતો હોય તેવમા દાબડે બાપા આગણાના દરવાજામાથી છટકી પાછળના ખેતરમા જાય અને ત્યાથી સુકાઈ ગએલા ડાળીઝાખરા ભેગા કરી લાવે થોડા જ દિવસમા બળતણનો એક ઠીક ઠીક ઢગલો થયો હોળીને દિવસે સુપરિન્ટેન્ડન્ટ આવી ગયા બાદ આગણામા રીતસર હોળી પ્રગટાવી શખનાદ સાથે તેમણે ત્રણ પ્રદક્ષિણા કરી, અને કારાવાસમા પણ હિન્દુધર્મને જીવતોજાગતો રાખ્યો હોળી સળગાવવા માટે દેવતા કયાથી આણ્યો એ મે તેમને પૂછ્યુ નહિ, કેમકે હુ જાણતો હતો કે એ 'ખાનગી વ્યવસ્થા' હતી

ફાંસીખોલીમા અમને બીજા નવા દોસ્તો મળ્યા, અને તે વાદરાઓ વાદરાઓ જેલની અદરના બગીચામા ખૂબ રજાડ કરે છે, તેથી જેલના અમલદારો તેમના તરફ 'નફરતની નિગાહસે' જુએ છે, અને તે જ કારણસર કેદીઓને વાદરાઓ પર ખૂબ ભાવ હોય છે અમારા ઝાડુવાળાને આનુ કારણ પૂછતા તેણે કહ્યુ, 'અમારી છાતી ફાટી જાય ત્યા સુધી પાણી

ખેચીખેચીને અમે શાક ઉગાડીએ છીએ અને અમારે ભાગે તેમાથી ફક્ત ઘરડા પાદડા ને ડાખળા જ આવે છે અસલી માલ તો અમલદારો ખાય છે અથવા કમિટીમા આવનાર વિઝિટરો લઇ જાય છે ઇતવારને દિવસે ધર્મનુ ભાષણ સભળાવવા પેલા બે જણા આવે છે તે પણ શાકભાજી માટે જ આવે છે એ શુ અમે નથી જાણતા ? મે એન સમજાવવા પ્રયત્ન કર્યો કે એ મહાશયો બજારમાથી પણ શાક ખરીદી શકે છે પણ પેશો મારૂ માને જ શેનો ? વાદરા આવે કે કેદીઓ ખુરીમા આની એમના જેવી ઠીકીઆરી કરે અને પોતાના રોટલામાથી એકાદ ટુકડો તેને રકતા પણ અચકાય નહિ અમારે ત્યા વાદરાઓ બહુ પાસે ન આવતા દીવાલ પર બેસી લાબી પૂછડી એક બાજુ લટકતી નાખી, ડોક મરડી, ખભા પરથી અમારી તરફ જોતા, અને જાણે પડ કરતા હોય તેમ સહેજ દાત પણ બતાવતા અમે રહેતા હતા તની બહાર મોટી દીવાલનો ખૂણો પડતો હતો વાદરાઓ એ ખૂણા પાસે જઇ કુદીને એક દીવાલને લાત મારે ને બીજી દીવાલ પર અથડાય ત્યા લાત મારી પહેલી દીવાલ પર કુદે આમ કરતે કરતે ઠેઠ દીવાલની ટોચ સુધી પહોચી જતા મને થતુ વાદરાઓ જો આમ જઇ શકે તો માણસ કેમ ન જાય ? બીજી જ ક્ષણે વિચાર આવ્યો, તેમ બની શકતુ હોત તો ચોરાએ એ કળા ક્યારની કેળવી હોત

જેલના નવા નવા અનુભવોમા હુ એ વાત ભૂલી જ ગયો હતો કે બાર કલાક ઓરડીમા પૂરાવાથી ચન્દ્ર કે તારાઓ અમે જોઇ શકતા જ નહોતા અમારી ઓસરી પર તો દૂધ જેવુ ચાદરણુ પડતુ, પણ અમને ચદ્રનુ દર્શન ન થાય એટલામા **સ્વામી**એ એક યુક્તિ સુઝાડી (ભુલ્યો— તેમને તે

દયાળજીભાઇએ સુઝાડેલી) અમારી પાસે તે કાળે હજામતનો સામાન (અસ્ત્રા શિવાય) રાખવા દેવામા આવતો તેમા અરીસો હતો તેનો કાન પકડી સળિયામાથી અમે તેને બારણા બહાર ત્રાંસો રાખતા એટલે બાજુથી ચન્દ્રબિંબ તેમા આવીને પડતુ અને તે જોઇને અમને મજા પડતી થોડા જ દિવસમા બારણામાથી સામેના આકાશખંડમા અગસ્ત્યને ઉગતો મે ઓળખ્યો અગસ્ત્ય તો મારો જૂનો દોસ્ત—દક્ષિણનો આચાર્ય તેને જોઇને હુ રાજીરાજી થઇ ગયો પણ એ ઝાઝો વખત ત્યા રહેતો નહિ દક્ષિણ દિશામા જ ડાબી બાજુએ ઉગે અને જમણી બાજુ ડૂબકી મારે

મુસલમાન ભાઇઓ જેડેના ચાર ચાર દિવસના ઉપવાસ પછી મને નબળાઇ રહી ત્યા સુધી ખુલ્લામા સૂવાની રજા મળી હતી સ્વામીને પણ મારી માવજત માટે બહાર સૂવાનુ કહેવામા આવ્યુ હતુ રાત્રે લગભગ દસ વાગ્યા સુધી અમે આગણામા આટા મારતા અથવા પથારીમા પડ્યા પડ્યા તારાઓ જોતા આગણામા પીપળાનુ એક નાનુ રૂપાળુ ઝાડ હતુ બીજુ એક મોટુ લીમડાનુ ઝાડ હતુ તેના પાદડાની આરપાર તારાઓ જોવાની ખૂબ મજા આવતી એટલામા ઉપવાસ કર્યાની સજા મને સુનાવવામા આવી અને કેદીઓ જેને જેલનુ પોર્ટ બ્લેર (કાળાપાણી) કહે છે તે છોટાચક્કર ન ૪ મા મારી બદલી થઇ ખુલ્લી હવા, તારાઓનુ દર્શન અને સ્વામીનો સહવાસ આ ત્રણ ટૉનિકથી ત્રણ જ દિવસની અંદર હુ એટલો સાજો થયો હતો કે મે દફતરને લખેલુ કે 'હવે હું સજા ભોગવવા લાયક થયો છુ, મારી સજાને ઠેકાણે મને લઇ જવામા ખોટી થવાનુ કારણ નથી ' સાચે જ ખુલ્લી હવા કેદીઓને માટે અમૃતસંજીવની છે

૩

છોટાચક્કર ન ૪ મા મારી સજા શરૂ થઈ મારી પાસેથી મારી બધી ચોપડીઓ, લખવાના કાગળો, ખડિયોકલમ, પેનસિલ બધુ છીનવી લેવામા આવ્યુ ફક્ત એક ધાર્મિક ગ્રન્થ મારી પાસે રહેવા દીધો હતો આ ચોપડીમા નિશાની કરવા સારૂ મે મારી પેનસિલ માગી પણ તે શેની મળે? અનેક રીતે મને પજવવાની, મારૂ અપમાન કરવાની યુક્તિઓ યોજાઈ હતી પણ જેમના હાથમા મારૂ માન મે સોપ્યુ ન હતું તેમને હાથે મારૂ અપમાન પણ શુ ?

પણ આ બધી સજાઓ અને પજવણીઓને લીધે મારૂ ધ્યાન કુદરત તરફ વધારે જવા લાગ્યુ બીજા કોઈ કેદી સાથે હુ વાતચીત ન કરી શકુ એટના માટે મને છેક છેડા પરની એક કોટડી આપવામા આવી હતી આ ઓરડીનુ બારણુ લગભગ ઓતરાતુ હતુ ઓરડીની ડાબી બાજુની દીવાલમા ખૂબ ઊંચે એક જાળી હતી તેમાથી અજવાળુ સરસ આવતુ અને રાતે ચન્દ્ર જ્યારે પશ્ચિમમા હોય ત્યારે તે આ જાળીમાથી દર્શન દેતો ચન્દ્રનુ પ્રત્યક્ષ દર્શન ન થતુ ત્યારે મારો અરીસો ચાદરણામા ઊંચો કરી તેમાથી જ ચન્દ્રદર્શન કરી લેતો રાત્રે એ જાળીમાથી બે ચાર તારા દેખાતા તે કયા તારા છે એ નક્કી કરવુ બહુ મુશ્કેલ પડતુ, છતા તે નક્કી કરવામા જ એક જાતનો આનન્દ મળતો આખુ આકાશ દૃષ્ટિ આગળ હોય ત્યા તો દિશાનુ ભાન બરાબર થાય છે અને તારાનો ક્રમ જોઇ અમુક તારો કયો એ નક્કી કરવુ સહેલુ પડે છે પણ જાળીમાથી તો એક બે તારા જ દેખાય છતા તારાગણ સાથે મારે જૂની ઓળખાણ તેથી પહેલી જ રાતે મે પુનર્વસુના બે તારા ઓળખી કાઢ્યા અને આખી રાત એક પછી એક આવનારા તારા જોવા લાગ્યો

પણ તારાવિહાર એ કંઇ મારા આખી રાતના જાગરણનુ કારણ ન હતુ છોટાચક્કર ન ૪મા કોટડીઓની ભોય માટીના લીંપણવાળી કાચી છે તે ભોયમા તેમજ ભીતોમા માકણની મોટી ફોજ થાણું નાખી ક્યારની પડેલી હતી રોજના કષ્ટ અને શ્રમથી લોથપોથ આવી કોટડીમા દેહ નાખતા કેદીઓને બદલે મારા જેવો સુકલકડી કેદી જોઇને માકણો સારીપેઠે ચીઢાયા અને તેમણે લોભ સાથે રીસ ભેળવી કટક ચઢાવી મારા પર હુમલો કર્યો પણ

આ સ્વાદાનંદ ચાખનાર માકણો એકલા જ ન હતા તેમના હરીફ વદાઓનુ ટોળુ પણ નાનુસૂનુ ન હતુ છાપરામાથી તેઓ ટપ દઈને નીચે અવતરતા અને માગ પર ધસી આવતા આ ભાઈઓને મારા માથાના વાળ બહુ સ્વાદિષ્ટ લાગતા હોય એમ જણાયુ, કેમકે જરાક ઊંઘ આવવાની થાય કે માથામા જ તેઓ બચકુ ભરતા

સ્વાગત જો ત્રિવિધ ન હોય તો તેમા કાવ્ય શુ રહ્યુ? એટલે ગરોળીના બચ્ચાએ પોતાનો ભાગ ભજવ્યો તેઓ મને મારી પથારીમા એકલો સૂવા દેતા નહિ અસ્પૃશ્યતાનિવારણમા હુ ગમે તેટલુ માનતો હોઉ છતા આ ઢેડગરોળીના બચ્ચાના સહવાસને સારુ હુ તૈયાર ન હતો અને આ બચ્ચા તો મારી સાથે વધારેપડતો પરિચય કરવા આતુર જણાતા હતા આટલી તૈયારી જોઈ મે નિશ્ચય કર્યો કે સમરાંગણમા સૂતા રહેવુ આપણને છાજે નહિ હુ ઊઠીને બેઠો થયો અને અધારામા મારા સમોવડિયાઓ સામે અહિંસક યુદ્ધ ચલાવ્યુ

સવારે મે સુપરિન્ટેન્ડન્ટ આગળ રીતસર ફરિયાદ કરી તેમણે કહ્યુ, આ કોટડી પસદ ન પડતી હોય તો પડખેની બીજી લ્યો ' હુ જાણતો હતો કે પાસેની ઓરડી એ આ ઓરડીની મોટી બહેન આકારમા સરખી પણ અગવડમા મોટી તેમા ઉપરની જાળી ન મળે એટલે ચન્દ્ર અને પુનર્વસુનુ દર્શન રાતે ક્યાથી થાય? મે કહ્યુ, ' સામે એક આખી બરાક ખુલ્લી છે, તેમા મને સૂવા દો, ' એટલે રોચા જેવો એક ગોરો ડેપ્યુટી જેલર હતો તેણે વચમા જ કહ્યુ, ' એ નહિ બને, ત્યા તમે સૂઓ તો તમને અમારા નિયમ કરતા વધારે હવા મળે

અને વળી તમે રાત્રે એમા આટા પણ મારી શકો સજા ભોગવતા કેદીને આટલી સગવડ ન અપાય '

મે તરત જ મારૂ સમયપત્રક ફેરવી નાખ્યુ આખી રાત જાગવુ ને બપોરે એટલા પગ ચાર કલાક ઊઘી લેવુ એક દિવસ દાક્તર તબિયત પૂછવા આવ્યા મે કહ્યુ, ' રાત્રે ઊઘ આવતી નથી તેથી બપોરે ઊઘુ છુ ' તેઓ બિચારા શુ કરે ? તેમણે મને ઊંઘની દવા આપી, બ્રોમાઈડ ઑફ પૉટેશિયમ અને બીજી કેટલીક દવાઓ બ્રોમાઇડની અસર હુ જાણતો હતો, છતા લાચાર થઈને વીસેક દિવસ સુધી મે તે દવા લીધી પછી એક દિવસ મે પાવડાકોદાળી માટે અરજી કરી મારી ઇચ્છા હતી કે મારી ઓરડીની જમીન ખોદી ટીપીને ફરી તૈયાર કરૂ અને દીવાલો પણ ફિનાઈલ વડે ધોઈ કાઢુ પણ પાવડોકોદાળી તો મહાન શસ્ત્રાસ્ત્રો ! તે 'બદમાશ'ના હાથમા કેમ અપાય ? એટલે અમારા પર દેખરેખ રાખનાર એક બલુચી મુકાદમ પાસે તે આપવામા આવ્યા આ અમારો મુકાદમ ભરુચ જિલ્લામા ધાડ પાડવાના ગુનહા માટે આઠ નવ વરસ મેળવીને આવ્યો હતો તેણે બે ચાર કેદીઓને બોલાવી મારી જમીન ટીપી આપી અને મે ડામર માગી લઇ તેનાથી જમીન લીંપી કાઢી ડામર સૂકાય ત્યા સુધી શુ કરવુ એ સવાલ હતો, એટલે પાછળની એક ઓરડીમા જવાનુ પસંદ કર્યું જેલના અમલદારોએ મારો એ વિચાર તરત જ વધાવી લીધો, કારણ એમ કરવાથી બીજા રાજદ્વારી કેદીઓથી હુ સાવ નિખૂટો પડતો હતો અધૂરામા પૂરૂ આ પાછળની નવી કોટડી મને એવી તો ગમી ગઇ કે મે ત્યા જ રહેવાનુ નક્કી કર્યું

આ ઓરડી સામે એક અરીઠાનુ ઝાડ હતુ તે પણ દાબડે બાપાની પ્રજા ઝ ડ લગભગ આઠ ફૂટ ઊચુ પણ સાવ સૂકાઇ ગએલુ હતુ માત્ર સૂકાઇ ગએના ત્રણ ચાર પાદડા રહ્યા હતા મારી લગોટી સૂકવવા એની પાસે ગયો કે એ પાદડા પણ ખરી પડયા મનમા વિચાર આવ્યો કે આ મરી ગએલુ ઝાડ ઉખેડી નાખુ પણ તેમ કર્યું હોત તો જેલનો ગુન્હો થાત, તેમા વળી બાપાનુ વાવેલુ ઝાડ માગથી ઉથાપાય જ કેમ? મે આ મૃત ઝાડની જ સેવા શરૂ કરી ખાનગી વ્યવસ્થાથી એક દાતરડુ માગી આણ્યુ અને ઝાડની આસપાસ કયારો બાધ્યો રોજ એને બબ્બે ડબા પાણી પાવાનુ શરૂ કર્યું થોડા જ દિવસમા ડાળીએ ડાળીએ કોટા ફૂટયા ઝાડ મરી ગએલુ ન હતુ પણ હિન્દુધર્મની પેઠે તેને વડપણ આવ્યુ હતુ જોતજોતામા નીલમ જેવા લીલા અને મખમલ જેવા સુવાળા પાદડાથી અરીઠો શોભવા લાગ્યો

એથી સહેજ આગળ એક પીપળાનુ ઝાડ હતુ તેની નીચે તેના જ કયારામા એક ઘરડો તુળસીનો છોડ અને એક બારમાસીનો છોડ હતા લિગાપ્પા કરીને જનમટીપ વાળો એક કર્ણાટકી ડોસો હતો તે રોજ તુળસીને પાણી પાય અને બારમાસીનુ ફૂલ તોડી તુળસીને ચઢાવે હુ કાનડી ભાષા જાણુ છુ એવી ખબર પડતા તેના આનદનો પાર ન રહ્યો 'તુળસીનુ ઝાડ તો દેવ—પરમેશ્વર સેવા તેની કરવી ઘટે તે છોડીને તમે આ કમબખ્ત અરીઠાની સેવા શા સારૂ કરો?' મે કહ્યું, 'મારે મન જેટલે દરજ્જે તુળસીમા દેવ છે તેટલે દરજ્જે અરીઠામા પણ છે'

મારી આ નવી ઓરડીને પડખે પાપાએ (પારસી સુપરિન્ટેન્ડન્ટ) ઉધ્વસ્ત કરેલો હાબડે બાપાનો બગીચો હતો બાપાને સજા કરવા ખાતર પાપાએ તેમનો ઉછેરેલો બગીચો ઉખેડી નખાવ્યો હતો તેમા બારમાસીના ચાર પાચ છોડ બચી ગયા હતા તેમને પણ હુ પાણી પાતો પણ જ્યારે પેલો રોચો હૅક મને બગીચો કરવા તરફ ઉત્તેજન આપતો ત્યારે હુ તેમ કરવાની સાફ ના પાડતો એક દિવસ મે એને ચોખ્ખુ કહી દીધુ, 'હુ બગીચો ઉછેરૂ અને બીજે દિવસે તમે એને ઉખેડી નાખો એવો મેતાની આનન્દ તમને પૂરો પાડવાને હુ તૈયાર નથી'

હવે ઉનાળો પૂર જોસમા શરૂ થયો આસપાસના ઘાસ બધા સૂકાઈ ગયા કાગડાઓ, કાબરો, લેલાઓ અને ખીનકોલીઓ પાણીને માટે ટળવળવા લાગ્યા વાદર પણ આસપાસથી આવી અમારા હોજ પર ડોકિયા કરવા લાગ્યા કબુતરો કર્મકાડી બ્રાહ્મણની પેઠે આખો દિવસ પાણીમા નહાવા લાગ્યા મારી પાસે માટીની એક કૂડી હતી તે ભરીને હુ લીમડા તળે મૂકતો આખો દિવસ ખીસકોલીઓ આવે, કાબરો આવે, કાગડાઓ આવે અને લે લે લે યે કરીને આકાશ ગજાવી મૂકનાર બરાગીવણા લેલાઓ પણ આવે આ બધામા કાગડો બડો દૂતો તે તો મળે ત્યાથી રોટલીના સૂકા કકડા લઇ આવે કૂડીમા ત્રણ ચાર પલાળી રાખે, ત્રણ ચાર વાર ચાચ વતી દબાવીને જુએ, અને પલળીને બરાબર પોચા થઈ જાય એટલે આત્મદેવને ભોગ ચઢાવે રવિવારને દિવસે ગૃહસ્થો અમારી કૂડી પણ હાડકાના કકડાથી અભડાવી નાખે એક દહાડો એક નકટો કાગડો આવ્યો

તેની ચાચ ઉપરના ભાગમાથી અડધોઅડધ તૂટી ગઇ હતી તેની દીન મુદ્રા પરથી લાગતુ હતુ કે પોતાની ખોડનુ તેને પૂરેપૂરૂ ભાન હતુ બિચારો પાણી પીતો ત્યારે બહુ દયા આવતી બીજા કાગડા તેને પોતાના મડળમા ભળવા દેતા નહિ

એક મહિના પછી બીજો એક એકપગો કાગડો આવ્યો કયા મહાયુદ્ધમા એણે પોતાનો બીજો પગ ગુમાવ્યો હતો તે કઇ તે મને કહી ન શક્યો તે પણ બીજા કાગડા સાથે ભળી શકતો નહિ બિચારો ઊડીને આવે, અને આવીને એક પગ પર ઊભો રહે પણ એ કઇ બગલાની નાત નહિ કે એમને એમ એક પગ પર ઊભો રહી શકે બગલા ને કાગડાની વચ્ચે તો ધોળા-કાળા જેટલુ અતર એકાદ મિનિટ ઊભો રહે કે થાકીને પડી જાય ફરી ઊડે, ફરી ઊભો રહે, ફરી પડે આ તેનો ક્રમ આખો વખત ચાલતો એ કાગડો લાગલાગટ ચારપાચ દિવસ સુધી આવ્યો પછી કયા ગયો એની ખબર ન પડી

નવો સુપરિન્ટેન્ડન્ટ આવ્યો તે દાકતર પણ હતો તેણે મારી માટલી જોઇ પૂછ્યુ, 'શાની દવા લો છો?' મે હસતે હસતે કહ્યુ, એ તો માકણ અને વદાનુ ઓસડ છે' કેદીની વાત સાચી માને તો પછી સુપરિન્ટેન્ડન્ટ શાનો? તેણે ધૂર્ત નજરે હસીને કહ્યુ, 'વદા જ્યારે ફરી કરડે ત્યારે એકાદ પકડીને મને બતાવશો?' મે પણ હસતી નજરે લાગતો જ જવાબ વાળ્યો, 'સહેજ તસ્દી લ્યો તો આવડી જ બતાવુ' આમ કહી મે મારી કપડાની પેટી ઉઘાડી તેવા જ પાચ સાત વદા સુપરિન્ટેન્ડન્ટનુ સ્વાગત કરવા દોડયા! મે સાહેબબહાદુરને કહ્યુ, 'આ તો આજનો શિકાર છે ગઇ કાલે જ મે પેટી દિવસબધો તડકામા મૂકી હતી' સાહેબબહાદુરે એકદમ હુકમ

છોડયો, 'અભી કે અભી ઘાસતેલ સ્ટવ કી બત્તી લે આઓ ઔર જમીન દીવાલ સબ જલા દો' ત્રીજે કે ચોથે દિવસે બત્તી આવી અને મત્કુણસત્ર શરૂ થયો દીવાલના ખૂણા, ચુનાના પોપડા તેમજ બારણામા રહેલી ફાટો બધે બત્તી ફરી વળી અને માકણોના લાખો થએલા અને ગંધાતા દેહ જમીન પર પથરાયા એ સહાર સાચે જ મહા હતો આઠ દસ દિવસ પછી મેજર સાહેબે પૂછ્યુ 'હવે કેમ છે?' મે કહ્યુ, 'એક ફોજ તો ગારદ થઇ પણ વદાઓ તમારી બત્તીની રેન્જની બહાર છે' તરત જ વૉર કાઉન્સિલ બેઠી નિર્ણય થયો કે છાપરા પર કબુતર બેસે છે તેમની હગાર ત્યા પડે છે તેમાથી વદાઓ પેદા થાય છે તરત જ હુકમ થયો કે કબુતરો છાપરાની અદર ઘૂસી ન શકે એવી રીતે બધે સીમેટ લગાડવો!

આટલે સુધી બધુ ઠીક હતુ, પણ ત્યારપછી જે કાડ શરૂ થયો તેથી અમને ભારે કલેશ થયો એક દિવસ સવારે આ નવા સાહેબ પોતાની બદુક લઇને આવ્યા અને તેમણે કબુતરોનો સહાર શરૂ કર્યો તેઓ મારી પાસે આવી મલકાતા કહેવા લાગ્યા, 'આ બલાનુ કાસળ કાઢી નાખુ છુ બહુ ગદવાડ કરે છે' હુ તેનો આભાર માનીશ એમ તેણે ધારેલુ મે ઉદાસીન નજરે તેના તરફ જોયુ મારા મોઢામાથી એક હાય નીકળી ગઇ સાહેબબહાદુરને ભાન આવ્યુ કે આ તો દયાધર્મી હિન્દુ છે કબુતરોને ઘેર તે દિવસે હાહાકાર હતો અને સુપરિન્ટેન્ડન્ટને ત્યા ઉજાણી હતી

અને કબુતરો પણ કેવા બેવકૂફ! બીજે દિવસે તેટલા ને તેટલા જ આવીને છાપરા પર બેઠા અમે તેમને ઊડાડવાની ખુબ કોશીશ કરતા, પણ તે જાય શેના? તેમનામા પણ

હુએ વતન હોય જ છે એ કબુતરોમા એક સફેદ અથવા કાબરચીતરૂ કબુતર હતુ તે એકનાર પાળેલુ હતુ એટને તેણે નીચે આવી એક પોલીસનો આશ્રય શોધ્યો પોલીસે તેના કેટલાક પીછા કાપી નાખ્યા એટને તો તે ઊડી પણ ન શકે આખરે અમારા 'ભાપણવાળા'મા અવ્રાદાદ કરીને એક સિપાઈ હતો તેણે તે કબુતર પોતાના કબજામા લીધુ ખાનગી વ્યવસ્થાથી જુવાર મગાવી તેને તે ચારો નીરતો નવા પીછા ઉગ્યા એટલે એક દિવસ કબુતર ઊડી ગયુ એ કબુતર અમારી સાથે હતુ ત્યા સુધી અમાગમાના ગમે તેના ખભા પર બેસતુ અને ગજી થાય ત્યારે પોતાનો અંતસ્થ અવાજ કાઢતુ

થોડા દિવસ પછી લીમડાને નવા પાન આવ્યા, પછી ફૂલ આવ્યા, અને પવન વાય ત્યારે આખો દિવસ લીમડાના ફૂલનો વરસાદ ચાલે मन्जरी तरु कुसुमरेणु वहनि ढाळिता એ જૂનુ પદ હુ લનકારવા લાગતો સવારથી સાજ સુધી ફૂલો પડયા જ કરે જમીન પર પડયા પછી પણ કનાની પેઠે ઊડયા કરે આ કડવા ઝાડના કડવા ફૂલોની મ્હેક મીઠી હોય છે રોજ સવારે ઝાડુવાળાઓ સૂકાઇ ગએલા ફૂલ વાળીને કોથળા ભરતા અને રોજ નવાનવા ફૂલના ગાલીચા પથરાતા લીમડા નીચે ફરવાની બહુ જ મજા આવતી અમે કહેતા, 'સરકારને શી ખબર કે અમે આટલો આનન્દ લૂટી રહ્યા છીએ?'

આખરે આ ફૂલની ઋતુ પણ વિદાય લઇને ગઈ અને લીમોળીઓ પોતાના આગમનની તૈયારી કરવા લાગી આ વરસે વરસાદ નહતો ભૂલીને કયાય આડો ચઢી ગયો હશે ઉનાળો અસહ્ય થવા લાગ્યો રાત્રે ઓરડીમા પૂરાવુ એના

કરતા બિસ્કુટ તૈયાર કરવાની ભઠ્ઠીમા જઇને સવુ બહેતર એમ થઇ જતુ 'ભાષણવાળાઓ'એ ખૂબ તકરારો કરી, પણ રાત્રે ખુલ્લામા સૂવાની રજા ન મળે જોન્સ સાહેબ એવી રજા આપતો, પણ ડોઇલ સાહેબ કઇ જોન્સ સાહેબ ન હતા આખરે જ્યારે ઝુમ્મટમલ એક બે વાર રાત્રે બેભાન થયા ત્યારે પૂનેથી પરવાનગી મગાવવામા આવી અને અમને ખુલ્લામા સુવાની રજા મળી અમે સાજે ભેગા બેસી પ્રાર્થના કરતા, ખૂબ પાણી રેડી જમીન ઠડી કરતા અને પાણીની વરાળ નીકળી ગયા પછી પથારી કરતા આટલા પુરુષાર્થથી તૈયાર કરેલી મીઠી પથારીમા હુ એકલો જ સાપરૂ એ કુદરતને કેમ ગમે? એક દડમા જેવો પુષ્ટ દેડકો મધરાતે મારી પથારીમા પ્રવેશ કરતો અને મારી ડોક તળે આવી પોતાના ભીના કલેવરનો શીતળ સ્પર્શ મને કરાવતો

હુ રામ હોત તો અધારામા આવીને મળતા એ દેડકાને કહેત

प्रसाद इव मूर्तस्ते स्पर्श स्नेहार्द्रशीतल ।
अद्याप्यार्द्रयति मा त्व पुत्र क्वासि नन्दिनि ॥

પણ હુ કઈ સીતાવિરહી રામ ન હતો હુ તો 'મારી ચાનચનગત ના જામીન ન આપ્યાના ગુન્હા માટે જેલમા આવેલા રાજદ્વારી કેદી હતો મારે આવા સ્પર્શના કરતા અખડ નિદ્રાની દરકાર વધારે હતી બે ત્રણ દિવસ દેડકો લાગલાગટ આવવા લાગ્યો મે પથારીનુ સ્થાન બદલ્યુ ભાઈસાહેબ ત્યા પણ આવ્યા એટલે મે વિચાર કર્યો કે આને હવે સને ૧૮૧૮નો કાયદો લાગુ કરવો જોઇએ એક રૂમાલમા તેને પકડી દીવાલ

બહાર વિદાય કર્યો અને તેના સ્પર્શસુખમાથી હુ કાયમને। મુક્ત થયો

એક દિવસ રાત્રે (અમે ઓરડીમા પૂરાતા તે દિવસોમા) લગભગ દસ અગીઆર વાગે ખીસકોલીની એક કારમી ચીસ સભળાઇ થોડી જ વારમા કોઇ ખાતુ હોય એવો કુરરર કુરરર એવો અવાજ કાને પડયો અને આખરે બિલાડીનો વિશિષ્ટ જાતનો આનન્દોદ્ગાર સંભળાયો મે જાણ્યુ કે એક ખીસકોલી બિલાડીના પેટમા જઈ કાયમની સૂતી પણ એટલુ જાણ્યા પછી મને ઊંઘ આવે જ શાની? બિચારી ખીસકોલીને શુ થયુ હશે? સાજે થાકીપાકી પોતાના માળામા મૂઈ ગઇ ત્યારે શુ એને સૂઝયુ હશે કે એ એની આખરની નિદ્રા છે? પણ ભૂખી બિલાડીને કેટલો આનન્દ થયો હશે! રોજ રોજ કઈ તેને આવી ઉજાણી ઓછી જ મળતી હશે? બિલાડીએ વિધાતાને અનેક આશીર્વાદ આપ્યા હશે!

સવારે દા મનસુરી કે બીજા કોઇના ઘરના બૈરાછોકરા જેલ જેવા આવ્યા હતા જેલમા ફૂલ જેવા નાના બાળકોનુ દર્શન કેટલુ આનદદાયક થાય છે એની કલ્પના તે અનુભવ લીધા વિના આવે નહિ રીઢા બદમાશો પણ આવા બાળકોને જોઇને જરા સૌમ્ય થઇ જાય છે અને હૃદયશૂન્ય પોલીસો પણ બે ચાર ક્ષણ મીઠાશથી બોલતા શીખે છે તે જ દિવસે હૅકનુ કુતરૂ પણ જેલમા આવેલુ આખા વરસમા જેલમા અમે બે જ કુતરા જેયા

બિલાડીએ ખીસકોલીનો શિકાર કર્યો તે જ અરસામા એક જુવાન કેદી ફાસીએ ચઢયો તે દિવસે મને ખાવાનુ ભાવ્યુ નહિ હિંસા એ શી વસ્તુ છે? સ્ટવબત્તીથી આપણે

માકણુ મારીએ છીએ, બિલાડી ખીસકોલીને મારી ખાય છે, અને માયદેનતા એક જુવાન ગુન્હેગારનો બળિ લે છે ! આનો અર્થ શો? શુ સમાજને આ જુવાનનો બીજો કશો આથી ચડિયાતો ઉપયોગ સૂઝ્યો નહિ ? માજીસ્ટ્રેટ, જડજ, દાક્તર, સુપરિન્ટેન્ડન્ટ, જેલર ડેપ્યુટી જેલર બધા ભેગા થયા લાચ ન મળે ત્યારે વીસ રૂપિયાની અંદર જ ગુજરાન ચલાવનાર દસ બાર પોલીસો ભેગા થયા એક જણે કાગળ વાચી સભળાવ્યો, બીજાએ ઇશ્વરનું નામ લીધુ, અને બધાએ મળીને પાંજરહિયે બાંધેલા એક અસહાય તરુણનુ ખૂન કર્યું જેલનો મોટો ઘટ વાગ્યો અને દુનિયામાથી અક માણસ ઓછો થયો જેલના ઘટે શુ કહ્યુ? તેણે માણસની બુદ્ધિનુ પોગળ જાહેર કર્યું તેણે કહ્યુ 'મનુષ્ય જાતિએ બુદ્ધિનુ દેવાળુ કાઢ્યુ છે મરી જનાર માણસનુ શુ કરવુ એ સમાજને સૂઝ્યુ નહિ એટલા જ માટે આ ટલા લોકોએ ભેગા થઇને એક માણસને આ દુનિયામાથી વદાય આપી અને તેના સર્જનહારને બેવકૂફ ઠરાવ્યો !' આજે સુપરિન્ટેન્ડન્ટ જ્યારે આવશે ત્યારે શરમથી ઝખવાણો પડેલો હશે એમ મે ધારેલુ પણ તેને કઇ એ પહેલો જ પ્રસગ ન હતો

૪

એક દિવસ સવારે પહો ફાટતા પહેલા જ મારી પથારીમા કઇ કાળુ કળુ હાલે છે એમ મને દેખાયુ આખોમા ઊંઘનો અમલ હતો જ, તેથી મે ધાર્યું કે અમસ્થો વહેમ છે જરાક અજવાળુ થયુ અને જોયુ કે એક મોટો કાનખજુરો પથારીની બાજુપર થઇને દીવાલ તરફ દોડે છે, અર્ધા કલાક પછી તાળુ ખખડ્યુ અને બારણુ ઉઘડ્યુ એટલે મે સાવરણી આણીને કાનખજુરાને ઓરડી બહાર ફેંકી દીધો પાચ વરસ પહેલા તો કાનખજુરો નજરે પડે કે તરત જ હુ મારી નાખતો પણ ગુજરાતમા આવી અહિંસાનો ચેપ લાગેલો હોવાથી કાનખજુરાને મારવાનુ મન ન થયુ મે તો એને ઓરડી બહાર ફેંકી દીધો, પણ મારો પાડોશી ઇસ્માઇલ થોડો જ સખણો રહેવાનો હતો ? તેણે સાવરણી ઉપાડી એક જ સપાટામા કાનખજુરાને એક ભવમાથી મુક્ત કર્યો તેણે મને કહ્યુ, ' કાકાસાહેબ, આપ જરૂર ઇસકી શિકાયત કીજીએગા સુપ્રીંડટ કો બતાના ચાહિયે ' એટલામા

ઇસ્લામ આઝાદ ત્યા આવ્યો અને કહેવા લાગ્યો, 'કાનખજુરા કાનમે જા કર કાનકો ખા જાય તો સરકારકા બાબાકા ક્યા જાતા હે ? હમારા નુકસાન હો જાય તો ઉસકા જુમ્મેદાર કોન હૈ ?' જોતજોતામા કાઉન્સીલ ભેગી થઇ અને કાનખજુરામાથી શુ પ્રકરણ ઉભુ કરી શકાય એની ચર્ચા ચાલી મે કહ્યુ, 'મારે કશુ કરવાની ઇચ્છા નથી ' મહાત્માજીનો શિષ્ય આવો જ મોળો હોય એવો સિદ્ધાન્ત બાધી કાઉ સિલરો પોતપોતાની કોટડી તરફ ચાલ્યા ગયા કાનખજુરો ત્યા જ પડ્યો હતો સુપરિન્ટેન્ડન્ટ આવ્યો તેણે કાનખજુરો પડેલો જોયો હુ કઇ પણ ફરિયાદ કરવાનો હોઇશ એવી અપેક્ષાથી તેણે મારી તરફ જોયુ હુ કશુ બોલ્યો નહિ એ જ ક્ષણે એક કાગડો આવી કાનખજુરાને ઉપાડી લઇ ગયો, અને અહી કાનખજુરાપુરાણ સમાપ્ત થયુ જેલમા આગણુ સાફ રાખવામા આવે છે, દીવાલો વખતોવખત ધોળવામા આવે છે, જમીન ફેર ૫ દર દિવસે લીપવામા આવે છે, પણ ઉપરના નળિયામા જમાનાનો કચરો અને કેદીઓએ છૂપાવી રાખેલી વસ્તુઓ પડેલી હોય છે, એટલે ત્યાથી જ એવા કાનખજુરા આવી પડે છે ભાઈ શ્વેબ કુરેશીને એકવાર રોટલામાથી કાનખજુરો જડ્યો હતો એમ મે સાભળ્યુ છે સહેજ વાતોમા મે સુપરિન્ટેન્ડન્ટને રોટલામાથી કાનખજુરો જડ્યાની વાત કરેલી ત્યારે તે કહે 'એમ તો બને જ નહિ વીશી (જેલરસોડુ)ના વ્યવસ્થાપક ઉપર ખાર રાખનાર કોઇ કેદીએ જાણીજોઇને કાનખજુરો રોટલામા મૂકી દીધો હશે ' મે કહ્યુ, 'હાસ્તો, જેલની વ્યવસ્થામા ખામી હોવી અસભવિત છે કુદરતના કાનૂન અને જેલની વ્યવસ્થા બને અટળ હોય છે !'

હવે કાગડાઓના માળા બાંધવાના દિવસ આવ્યા કાગડાઓ દૂર દૂરથી ડાખળીઓ લઈ આવતા અને ઝાડ પર ગોઠવતા ડાખળી જરા મોટી હોય અથવા જોઇએ તેવી ન હોય ત્યારે કાગડાઓ લાવીને મારી કૂંડીમા નાખતા પંદરેક મિનિટમા ના ભાર પલળે એટલે લઈ જતા એક દિવસ એક કાગડાને લોઢાના તારનો જાડો કકડો જડ્યો ઘાસની ગાંસડી બાંધવા માટે આવા તારનો ઉપયોગ થાય છે આ તાર વતી વીસમી સદીના આ મયાસુરે એક લોહપ્રાસાદ બાંધવાની ખૂબ મથામણ કરી, પણ તાર અક્કડ જ રહ્યો આખરે એને સૂઝ્યુ કે ચાલો આપણે એને પાણીમા નાખીને પલાળીએ બરાબર બે વાગ્યાથી ચાર વાગ્યા સુધી એણે એ પ્રયત્ન કર્યો પહેલા એક છેડો પાણીમા બોળ્યા, પછી બીજો પછી વચલો ભાગ બે કલાકની મહેનત પછી કાગડાભાઇ એટલુ પદાર્થવિજ્ઞાન શીખ્યા કે લાકડાના ગુણધર્મ અને લોઢાના ગુણધર્મ સરખા નથી હોતા પણ આખરે એણે પોતાના માળામા એ તારનો ઉપયોગ તો કર્યો જ

બીજે એક દિવસ બીજો એક કાગડો ચીંથરો તાર લઈ આવ્યો તે બહુ જ સીધો હોવાથી એના એન્જીનીઅરિંગમા તેને સ્થાન ન હતુ એક કેદીએ એ લઇને એના બે કકડા કર્યા અને એક ઠેકાણે સંતાડી રાખ્યા મે પૂછ્યુ, ' આનુ શુ કરશો ભાઇ ? તો કહે ' મારે મોજા બનાવવા છે ' મે' કહ્યુ, ' શુ જેલમા તુ મોજા પહેરનારો હતો ? ' જવાબ મળ્યો, ' ના રે, હુ મોજા બનાવી પેલા પઠાણને આપીશ એટલે મને બીડીની જગાક રાહત મળશે ' ' અને સૂતર ક્યાથી લાવીશ ? ' ' સ્ટોરમાથી ત્યા કોણ હિસાબ ગણે

છે? અંગ્રેજી રાજ્યમા ઉપરનો ડોળ જોઈએ તેટલો અંદરની બાત ખુદા જાને' મે ઉમેર્યું, 'ઔર તુમારે જૈસે જાને!'

એક દિવસ અલ્લાદાદ દોડતો દોડતો આવીને કહે 'કાકાજી કાકાજી, જરા ઇધર આઈએ તો સહી હમને એક કાગડા પકડા હૈ' જઈને જોઉ છુ તો સાચે જ ચતુર કાગડો પણ ઠગાયો હતો કાગડો ઓરડીમા પકડાયો હતો એને પગે એક લાબી દોરી બાધેલી હતી (કેદી પાસ દોરી કયાથી આવી? જ ખાનગી વ્યવસ્થા) કાગડાએ દુનિયાના તમામ કાકાઓને વહારે ધાવા બૂમ પાડી પણ હુ એકલો જ ત્યા હાજર હતો મે ઘણી આજીજી કરી અને કાગડાભાઈ છૂટી ગયા મારી ખાતરી છે કે એ કાગડે ફરીવાર જેલનુ મો પણ નહિ જોયુ હોય પગ બધાયો એનુ કઈ નહિ, મરી જાત એનુયે કઈ નહિ, પણ કાગડો ઠગાયો એ શરમ એની આખી નાતને અસહ્ય થઈ હશે

કાગડાની પેઠે ખીસકોલીઓનુ પણ અહીં સામ્રાજ્ય હતુ આખો દિવસ આગણામા ને ઝાડ પર દોડમદોડા કરે સાજરે છાપરા પર ફરે, બપોરે જમવા વેળાએ આસપાસ આવી 'મને નહિ?' એમ પૂછે ઉંબર પર બેસી બે હાથમા આપણે ફેકેલો કકડો પકડી અણીદાર દાત વતી કોતરીને ખાય અને કૂડીનુ પાણી પીએ સાજ પડયે ઘણીખરી ખીસકોલીઓ છાપરાના ચારે છેડા પર આવી ખુબ ક્રન્દન કરતી તેમનો એ આનન્દોદ્ગાર હતો કે દુખોદ્ગાર એ આપણે કેમ જાણીએ? પણ મારા કાનને તો તે કરુણ ક્રન્દન દમયન્તીવિલાપ જેવુ જ લાગતુ રોજ સાજે પાચ વાગે આ વિધિ નિયમિત ચાલતો એક

દિવસ ખૂબ ઉન્માદ પડ્યો ક્રન્દન પાર વગરનુ ચાલ્યુ પણ બીજે દિવસથી તે બધ થયુ

અમે અમારા સૂવાના કામળા રોજ તડકામા મૂકતા ત્યા આ ખીસકોલીઓ આની દાત વતી ઊન ખેચીખેચીને બહાર કાઢતી આગલા પગ અને મોઢાની મદદથી એ ઊન ગોળગોળ ફેરવી એનો ડુચો બનાવતી અને તે નળિયામા લઇ જઇ માળો બનાવવામા વાપરતી ઘણા કામળાને આવી રીતે તેમણે કાણા પાડ્યા અને ઠેકઠેકાણે માળા તૈયાર થયા મારી ઓરડીના બારણા ઉપર જ એવો એક માળો દેખાતો હતો થોડા દિવસ પછી ત્યા ત્રણ બચ્ચા દેખાવા લાગ્યા તેમની મા અમારી પાસેથી રોટલાના કકડા લઈ જતી અને બચ્ચાને ખવડાવતી બેશક, બચ્ચા ધાવણ પૂરુ થયા પછી જ અનાજ ખાવા લાગ્યા એક દહાડો એક બચ્ચુ ઉપરથી નીચે પડ્યુ સામેના લીમડા પર બેઠેલા કાગડાના મોમા પાણી છૂટ્યુ પણ બચ્ચુ મારી ઓરડીમા જ પેસી ગયુ મે અદર જઇને સહેજ પ્રયાસથી બચ્ચાને પકડી લીધુ પણ તેના ઊચા માળામા કેવી રીતે મૂકવુ? મે બૂમ પાડીને **શામળભાઇને** બોલાવ્યા તેઓ મારા બારણા આગળ બેસી ગયા હુ તેમના ખભા પર એક હાથમા બચ્ચુ લઇ, બીજે હાથ બારણાના સળિયા પકડી ઊભો થયો પછી **શામળભાઈ** ધીમે ધીમે ઊભા થયા આ રીતે મારો હાથ માળા સુધી પહોચી ગયો અને બીકથી ધ્રૂજતુ બચ્ચુ હેમખેમ પોતાને ઘેર પહોચી ગયુ બચ્ચાની માને શી ખબર કે હુ એનો વાલેશ્રી છુ? તેણે પોતાની તિર્યગભાષામા મને અનેક ગાળો દીધી, શાપ દીધા, અને જ્યારે એનુ બચ્ચુ એના માળામા ખેમકુશળ પહોચી ગયુ ત્યારે પણ મને લાગે છે કે

પોતાની ભૂલ જોવાને મહત્વ માને એમ એ થયુ હશે કે પાડ પરમેશ્વરનો કે મારૂ વહાલુ બચ્ચુ આ દુષ્ટ માણસના હાથમાથી છટકી શકયુ પણ પેલા બેવકૂફ બચ્ચા પર તો બાજી જ જાતની અસર થઇ લાગે છે, કેમકે બેદરકાર થઇ તેઓ બે ત્રણ વાર ઉપરથી નીચે પડ્યા અને દરેક વખતે શામળભાઇને અને મારે સરકસની કસરત કરવી પડી પણ ભૂયોદર્શન થવાથી ખીસકોલી માની ખાતરી થઇ કે આ લોકો વાલ્મીકિના શાપને લાયક નિષાદો નથી પણ હરિણશાવકનું પાલન કરનાર જડભરત જેવા જ કોઇક છે

આ જ અરસામા લીમડા પર કાગડાના બચ્ચા પણ ઇંડામાથી બહાર નીકળ્યા પશુપક્ષીઓમા અપત્યરક્ષણ ની વૃત્તિ સૌથી પ્રબળ હોય છે અત્યાર સુધી ઘણા કેદી રોજ સવારે કે સાજે દાતણને અર્થે લીમડા પર ચઢતા કેટલાક તો જેલ બહારની દુનિયાનુ દર્શન કરવા ખાતર પણ લીમડા પર ચઢતા ‘ એ તમારો આશ્રમ દેખાય ! ત્રણ મજલાનુ એક બીજુ મકાન દેખાય છે ! ’ એમ મને સભળાવતા અને મને પણ ઉપર આવવા નોતરતા ઝાડ પર ચઢવુ એ તો જેલના નિયમ પ્રમાણે નવ દિવસની સજા થાય એવો ગુન્હો છે એક જ વરસને માટે હુ જેલમા આવેલો હોવાથી ગુન્હો કરી બહારની દુનિયા જોવાનુ મને મન ન થયુ પણ જ્યારે લીમડા પર કાગડાના બચ્ચાનો વાસો થયો ત્યારે લીમડા પર ચઢવાની કોઇ કેદીની મગદુર ન રહી કાગડાઓ ઝપ દેતા આવીને ચાચ મારતા અથવા માથા પરની ટોપી ઉપાડી જતા અને કેદી ટોપી ખોઈ બેસે તો સાથે નવ દિવસની માફી પણ ખોઇ બેસ એક કાગડીએ લીમડા પર ચડનાર શામળભાઇ અને

બીજા બે કેદીઓ ઉપર મનમા ખાસ ખાર ગખ્યો એમને જુએ કે ચાચ માર્યા વગર રહે જ નહિ અમારો ડોસો ઝાડુવાળો પીળી ટોપી પહેરતો તેના પ્રત્યે કાગડીનો સવિશેષ રોષ હતો અને તેથી કોઇ પણ પીળી ટોપીવાળો કેદી લીમડા પાસે થઇને નીકળે કે તેને પણ કાગડીની ચાચનો પ્રસાદ મળ્યા વગર રહેતો નહિ ગમે ત્યાથી આવીને માથા પર, ખભા પર અથવા લમણા પર ચાચ મારી કાગડી નાશી જતી દિવસેદિવસે આ કેર એટલો બધો વધ્યો કે અતે નૂરમહમદે માથા પર ચાદર વીટાળી લીમડા પર ચઢી કાગડાનો માળો નીચે ઉતાર્યો તેમા પીછા વગરના, ઊંટ જેવા દેખાતા કાગડાના ત્રણ બચ્ચા હતા મો વકાસીને તેઓ પડયા હતા મોઢા અદરથી રૂપાળા લાલચોળ દેખાતા

આ ક્રરતા અબદુલ્લાથી સહન ન થઇ ભાઇ અબદુલ્લા સિંધ તરફના એક સરકારી કુટુબના જુવાન હતા તેમણે ચીડાઇને કહ્યુ, ‘ખિલાફતને અર્થે ફાસી પર પણ ચઢવાને તમે બહાદુર તૈયાર છો, અને પોતાના બચ્ચાની રક્ષા ખાતર ચાચ મારનાર કાગડીના પ્રહારથી તમે કાયર બન્યા અને બચ્ચાનો મા । તોડયો ! ખુદા તમારા પર કેટલો નારાજ થશે ? બિચારો નૂરમહમદ ભોઠો પડયા, અને શામળભાઇને આશ્ચર્ય થયુ કે માસાહારી મુસલમાનમા પણ આટલી દયા ’ આખરે નૂરમહમદ પઠાણની રજા લઇ અમારા આગણા બહારના બીજા લીમડા પર તે માળો મૂકી આવ્યો ત્યા તે ટકી ન શકયો એટલે ફરી પહેલાને ઠેકાણે તેણે માળો ગોઠવી દીધો

કાગડીને હવે પોતાના બચ્ચાના ચાગનો સવાલ ઉભો થયો હતો, એટલે તેણે પોતાની કાકદૃષ્ટિ વધારે તીવ્ર કરી આહાર શોધવાનું શરૂ કર્યું આટલામા ખીસકાલીના બચ્ચા પણ સહેજ મોટા થઈ આમ તેમ ફરતા થયા હતા કાગડીએ તેમાનુ એક બચ્ચુ મારી પોતાના દીકરાને માંસનો પહેલવહેલો સ્વાદ ચખાડયો તે દિવસથી ખીસકોલીઓ ને કાગડાઓ વચ્ચે મહાવેર જામ્યુ કાગડા છાપરા પર બેઠા હોય કે લીમડા પર, એકાદ મોટી ખીસકોલી પોતાની પૂછડી ફુલાવીને કાગડા પર ધસી જતી અને કાગડો ભયભીત થઈને ઝડપથી ઊડી જાય તેટલામા તેને પોતાના નખ અને દાતનો કંઈક પ્રતાપ બતાવતી કાગડા ખીસકોલીથી બીએ છે એ તો મે અહીં જ પહેલવહેલુ જોયુ પણ કાગડો હવામા ઊડી શકે છે અને ખીસકોલી નથી ઊડી શકતી, એટલે અંગ્રેજો અને આરબ વચ્ચેના યુદ્ધ જેવુ આ યુદ્ધ થઈ જતુ આરબો પાસે હવાઈ જહાજ (એરોપ્લેન) હોત અને ખીસકોલીને પાંખો હોત તો તે તે મહાયુદ્ધો બીજુ જ સ્વરૂપ પકડત

એક દિવસ એક કાગડો ક્યાકથી ખીસકોલીનુ બચ્ચુ મારી લાવીને મારી કૂડીમા પલાળવા લઈ આવ્યો હતો ચીઢાઈને મે પાણી ઢોળી નાખી કૂડી ઊંધી મૂકી દીધી ફરી વિચાર કર્યો, દયાધર્મમા વળી ઇન્સાફ કેવો ? ઇન્સાફ તો એક ખુદા જ કરી શકે તે રહીમ પણ છે ને કહાર પણ છે* મારૂ કામ તો તરસ્યાને પાણી પાવાનુ છે કાગડો પોતાનો આહાર શોધી

* રહીમ એટલે દયાવાન, અને કહાર એટલે કેર વર્તાવનાર

લે છે તેમા હુ તેને શેની સજા કરૂ ? મારા દેખતા તે ખીસકોલીને મારતો હોય તો ખીસકોલીનો જીવ બચાવવાનો હુ જરૂર પ્રયત્ન કરૂ તેમ ન કરૂ તો મારી દયાવૃત્તિ દૂભાય પણ મારે કાગડા પર રીસ રાખવી ન જ ઘટે કાગડો જ્યારે ખીસકોલીને મારતો હોય ત્યારે તેના મનમા ખીસકોલી પ્રત્યે દ્વેષ કે વેર હોય છે કે પોતાના ભૂખ્યા બચ્ચાની વાત્સલ્યભરી ચિન્તા હોય છે એ કોણ નક્કી કરે ? મારી મા ઝાડ પરની કેરી તોડી મને ખાવા આપતી ત્યારે તેના જે વિચારો હશે તેથી શુ આ કાગડાના વિચારો જુદા હશે ? પરદુ ખનો વિચાર કરવો એ માણસનો જ અધિકાર છે, અન્ય પ્રાણીઓ તો જવલ્લે જ એ વૃત્તિ કેળવી શકે છે પશુપક્ષીઓનુ જીવન નીતિબાહ્ય હોઇ તેમા નીતિ અનીતિ સભવતી જ નથી માણસ પણ હજી મોટેભાગે પશુ જ છે, તેથી જ પરદુ ખથી તેનુ હૃદય પીગળતુ નથી એમ કહેવાય છે કે માણસોમા પણ સ્ત્રીઓ પોતાના બાળબચ્ચા ને સગાવહાલા પ્રત્યે પ્રેમવૃત્તિનો અસાધારણ ઉત્કર્ષ બતાવતી છતા અન્યના દુ ખ પ્રત્યે ઉદાસીન જ હોય છે અને સ્ત્રી સ્ત્રીનુ દુ ખ જોઇને તો કેટલીકવાર રાજી પણ થાય છે આ વાત કેટલે દરજ્જે સાચી છે અને કેટલે દરજ્જે તહોમત છે એ તો સ્ત્રીઓ જ કહી શકે એટલુ ખરૂ કે મનુષ્યેતર સૃષ્ટિમા નર કરતા માદાનો જુસ્સો અને ઝનુન વધારે હોય છે જગલી અસસ્કારી લોકોમા પણ એમ જ હોય છે

એક રાત્રે મોટો પવન ચાલ્યો કાગડાનો માળો ઢળી પડ્યો અને એક બચ્ચુ મરી ગયુ નૂરમહમદે માળો અને બચી ગએલુ બચ્ચુ લીમડા પર ફરી ગોઠવી દીધા પણ એક બે

દિવસમા તેનો પણ અન્ત આવ્યો ઝાડુવાળાએ બચ્ચુ દીવાલ બહાર ફેકી દીધુ ત્યા કાગડાઓની ન્યાત ભેગી થઇ ને કાણ કાઢી કેટલાક ઘરડા કાગડાઓએ રાજિયા ગાયા. મા કાગડી તો અવાચક થઇને બેસી જ ગઇ હતી આખરે જ્યારે મોટો વરસાદ આવ્યો ત્યારે ન્યાત લાચાર થઇને ઊડી ગઈ પણ ત્રણ ચાર કાગડાના દુ ખનો આવેગ એટલો બધો હતો કે વરસાદમા ઊડી જવાનુ પણ તેમને ન સૂઝયુ કાગડાઓનુ નસ તાન વળેલુ જોઇ ખીસકોલીઓ રાજી થઇ કે કેમ એ આપણે કેમ કહી શકીએ? અદેખાઈ, મત્સર અને પારકાનુ દુ ખ જોઇ થતો આનન્દ એ વૃત્તિઓ વખતે સુધરેલા પ્રાણીઓના જ દુર્ગુણ હશે બચ્ચા મરી ગયા પછી કાગડા પણ જગ મોળા પડ્યા અમને સાલે એવો કાગડાનો છેલ્લો શિકાર તો અમારા બાજરૂ પર રહેતી એક દેવચકલીના બચ્ચાનો હતો

૫

રવિવારનો દિવસ હતો પોલીસોને જલદી ઘેર જવુ હતુ એટલે અરજી કરી તેમણે અમને પાચ વાગે જ કોટડીઓમા પૂરી દીધા હતા હુ 'નાથભાગવત' નો એક અધ્યાય પૂરો કરી ઓરડીમા નિરાતે બેઠો હતો પોલીસો તેમજ મુકાદમો તાળા બરાબર બધ છે કે નહિ તે તપાસી બીડી પીવા ક્યાક ખૂણે જઈ ભરાયા હતા એટલામા એક મોટો ધોધર બિલાડો ધરાઈને ખાધા પછી મૂછ ચાટતો ચાટતો અને હાથીની પેઠે ડોલતો ડોલતો આવી મારા બારણા આગળ અટક્યો અને ધ્યાનપૂર્વક મને નિહાળતો ઊભો તેણે મ્હો ઊચુ કર્યું, નીચુ કર્યું, બારણાના એક છેડા તરફથી જોયુ, બીજા છેડા તરફથી જોયુ, ને 'ગુરૂરૂ' 'મ્યાઉં' કરીને પોતાનો સતોષ જાહેર કર્યો! નાનપણથી અનેક અજાયબઘરો (મ્યૂઝિયમો) હુ જોતો આવ્યો છુ પાજરાની માહ્ય પશુપક્ષીઓ, વાઘબિલાડીઓ પૂરેલા મે બહારથી જોયા છે, તપાસ્યા છે, તેમનુ વર્ણન બહારના લેબલ પર વાચી સન્તોષ વ્યક્ત કર્યો છે, પણ કોઈકાળે મે એમ સ્વપ્નેય ધારેલુ નહિ કે હુ બધબારણે પૂરાયો હઈશ અને એક નફ્ફટ બિલાડો બહારથી મને જોઈ તપાસી પોતાનો સન્તોષ જાહેર કરશે! બિલાડીઓનુ કોમી છાપુ ચાલતુ હોત તો પેલો ધોધર આ પ્રસગ પર જરૂર એક લાબો વર્ણનાત્મક લેખ લખત

હું પાછળ કહી ગયો કે જેનમા વાદરાઓ પુષ્કળ આવતા, નીચે ઉતરીને હોજમાથી પાણી પણ પીતા અમારી સાથેના પ્રોફેસર ઝમ્મટમલને આ વાદરાઓ ઉપર ભારે ભાવ સિધી ભાષામા વાદરાને 'ભોલુ' કહે છે ભોલુઓને જુએ કે ઝમ્મટમલ રાજીરાજી થઇ જાય ઘણીવાર અમે સાજે ચાર વાગે સાથે નહાવા બેસીએ અને આ ભોલુઓ પડખેની ભીત પર થઇને પસાર થતા અહિસક માણસ તરીકે મારી છાપ આ ભોલુઓ પર સારી હતી, એટલે હુ નહાતો હોઉ તોપણ તેઓ ભીત પરથી વગર બીકે નિરાતે ચાલ્યા જાય પણ ઉનાળાના બફારાથી સારી પેઠે શેકાએલા ઝમ્મટમલનો સમભાવ મારા કરતા વિશેષ તેથી તેમને થતુ આ ભોલુઓને નવડાવીએ તો કેવુ! એટલે તેઓ પોતાનો જસતનો ચબુ ભરીને ગુપચૂપ તયાર રહેતા અને ભોલુ દીવાલ પરથી પસાર થાય કે 'હાઉઉ' કરતા તેના પર ચબુમાનુ પાણી ઉડાડતા અરસિક ભોલુઓને આમા મજા પડતી નહિ એટલે પોતાની લાબી પૂછડી ઊંચી કરી તેઓ દોટ મૂકતા અને દૂર જઇ પાછા વળી દાતિયા કરી પોતાનો અભિપ્રાય જાહેર કરતા અલ્લાદાદ ત્યા હોય તો તે જરૂર વાદરાઓને ખાતરી આપતો કે માણસોને પણ દાત હોય છે આમ ઘણા દિવસ સુધી ચાલ્યુ વાદરાઓ છેટાથી ઝરૂખાનો ત્યાગ કરવાનો વિચાર તો કરત પણ ઝમ્મટમલ તો મધમાખ જેવા મધમાખ પાસે ડખ પણ હોય ને મધ પણ હોય તેઓ રોજ સાજે મળી શકે તેટલા રોટલાના કકડા ભેગા કરી આ ભોલુઓને ખવડાવતા, એટલે પછી ભોલુઓ જવાનુ મન શેના કરે? રોજ નવા નવા ઇષ્ટમિત્રોને તેઓ લઇ આવતા આગળ જતા

તો તેઓ એટલા ધીટ બન્યા કે અમારા હાથમાંથી પણ રોટલાના કકડા લઈ જાય ! એમાંનો એક વગડો હતો. તેના દાંત પડી ગયા હતા. તેને રવિવાર શુક્રવારે અમે ચણની રોટલી આપતા.

પણ થોડા જ દિવસમાં આ ભાઈબંધોના ઉદ્દમાત બહુ વધી પડયા. એક દિવસ સાંજે સાડાછએક વાગ્યા હશે. અમે કોટડીઓમાં પૂરાયા હતા. એટલામાં દસ બાર ભોલુઓની ફોજ આવી ને તેમણે હોજ પાસેના પીપળા પર એકાએક હુમલો કર્યો. બિચારા પીપળાને થોડુ થયા જ નવા પાન આવ્યા હતા. તડકામાં તે ખૂબ ચળકતો. ભોલુઓએ તેની અનેક નાનીમોટી ડાળીઓ તોડી નાખી, નીચેથી ઉપર, ને ઉપરથી નીચે તેઓ કુદ્યા અને અંધારૂ થતા પોતાની ચળ શમાવી ઘેર ગયા. ઘેર એટલે ક્યાં ?

બીજે દિવસે મારા સાથીઓને મેં કહ્યું કે વાંદરાઓને આપણે વધારે હેળવશું તેમ તેઓ વધારે આવવાના, લંકાલીલા કરવાના, અને પછી કબૂતરહત્યાની પેઠે વાનરહત્યા થવાની. તેનું પાપ આપણે માથે ચોટવાનુ. મારી દલીલ સૌએ કબૂલ રાખી, પણ કોઈના આચરણમાં ફેર ન પડયો. એક દિવસ ખેરલ નામના એક સિંધી ભાઈએ એક ભોલુને લલચાવી સામેની ખાલી બરાકમાં પૂરી દીધો અને પછી બહારથી સવારી માટીના ઢેફા તેના પર ફેંકવા લાગી. ભોલુએ બૂમરાણ મચાવ્યુ. બહારથી પાંચપચીસ ભોલુઓ ભેગા થયા. ચીસો કીકીઆરીઓનો પાર ન રહ્યો. એક ભાઈ આવીને મને આ કહી ગયો. પેલો ભોલુ બિચારો બરાકમાં કુદાકુદ કરી અને

છાપરાની ટોચી પર ચઢી બેઠો હતો મે ફર્ગ્યુસનને કહ્યુ, 'છોડ દો બિચારે કો ગરીબ કો ક્યૌ સતાતે હો?' એગલ કહે, 'યે તો હમારે દુશ્મન હૈ ઉનકો મારના ચાહીએ' મે પૂછ્યુ, 'બિચારે ભોલુ તુમારે દુશ્મન કહાસે બન ગયે?' આનો મને જે જવાબ મળ્યો તેમા તો માણુસજાતની તર્કશક્તિની સીમા જ હતી એરલે કહ્યુ, 'અગ્રેજ હમારે દુશ્મન હૈ, હમ અગ્રેજો કો બદર કહેતે હૈ, ઇસલિયે બદર હમારે દુશ્મન હૈ![Q E D] ઉનકો જરૂર મારના ચાહીએ!' ફર્ગ્યુસન કૉલેજમા હુ દેશી વિલાયતી બેઉ તર્કશાસ્ત્ર ભણ્યો છુ આપણા મહાવિદ્યાલયમા ભીડને પ્રસગે તર્કશાસ્ત્ર મે ભણાવ્યુ પણ છે પણ આ તર્કશાસ્ત્ર આગળ તો હુ આભો જ બની ગયો મે એને કહ્યુ, 'તુમ અગ્રેજો કો બદર કહેતે હો ઇસમે બદરોકા ગુન્હા ક્યા હૈ? ક્યા વે તુમારે પર રાજ કરતે હૈ? ક્યા બદરોને ખિલાફતસે દુશ્મની કી હૈ? ક્યા બદર ઇસ દેશકો લૂટ રહે હૈ?' એગલ કહે, 'લેકિન યે બદર તો હૈ ના? બસ, ઇસી લિયે યે હમારે દુશ્મન હૈ જૈસે અગ્રેજ વૈસે યે!'

આખરે બધાના દબાણથી માડ ભોલુનો છુટકારો થયો અને તેઓ રાતને માટે સુવા ચાલ્યા ગયા

૬

વરસાદના દિવસ આવી પહોચ્યા રાહ જોઇ જોઇને થાકેલા ને લગભગ નિરાશ થએલા પ્રાણીઓને આનન્દ થયો જમીન મહેકવા લાગી સધ્યા સમયના વાદળાઓ મધ્યે શ્યામ અને સોનેરી કિનારવાળા વધારે પ્રિય દેખાવા લાગ્યા કોઇ દિવસ અમદાવાદની દિશામા તો કોઇ દિવસ વીરમગામની દિશામા સજલ ઘન ઉતરતા દેખાવા લાગ્યા પહેલે દિવસે સાજે અમે ભેગા બેસીન પ્રાર્થના કરી અને મેઘની પેઠે આર્દ્ર હૃદયે આ કૃપા માટે પરમાત્માનુ ગાયન કર્યું સૂકાએલી જમીનમાથી બાલતૃણાકુર ઉગી નીકળ્યા પણ પોતાના કાન ને પૂછડીઓ હલાવતા હલાવતા એ તૃણાકુરો પર ઉજાણી કરનાર વાછરડા કે ઘેટાબકરાના બચ્ચા અહી હતા નહિ ભૂમિદેવીનુ માતૃહૃદય સફળ થયુ પણ તેને ધાવનાર કોઇ ન મળે બિચારો હોંકેરઆપ્પા અહી રહ્યો કર્ણાટકના ઉડુપી તરફના પોતાના ખેતરો નિહાળવા લાગ્યો નિર્દોષ વાળદ પોચાભાઇ ઘરના ઢોરની વાતો કરવા લાગ્યો અર્જુન અને રવજી એ ભીલોની વૃદ્ધ જોડી બાળકની પેઠે નૃત્ય કરવા લાગી નૃત્ય સાથે ગાયન પણ હતુ પણ

શિષ્ટજનોને માટે તે શ્રાવ્ય ન હતુ રાવજી કદાવર નહોતો પણ મજબૂત હતો જેલમા બીજી વાર આવ્યો હતો હવે તેના મોઢામા દાત બહુ ઓછા રહ્યા હતા આવો વરડો માણસ વરસાદની ઠડક લાગતાવેત એકદમ જુવાન થયો ને કહેવા લાગ્યો, 'કોણ જાણે ઘેર જઇશ ત્યારે મારી ઘરવાળી જીવતી હશે કે નહિ ? મરી ગઇ હશે તો હુ ફરીવાર પરણવાનો મને નાથીને મૂકનાર કોઇ જોઇએ કની ! '

પછી બહારથી નવા આવનાર કાચા કેદીઓની સખ્યા વધે એટલે તેમાના કેટલાક કેદીઓને અમારા પોર્ટ બ્લૉકમા પૂરતા તેમની પાસેથી અમે બહાના વરસાદના સમાચાર મેળવતા પોલીસો જયારે ખુશ મિજાજમા હોય ત્યારે અમારી પાસ બેસી સાબરમતીમા દસ ફૂટ પાણી છે, વીસ ફૂટ પાણી છે, એવી પણ ખબરો આપતા અમારો એક દોસ્ત નિયમસર લીમડા પર ચઢી દૂર સુધી જોતો, પણ કહેતો કે 'ખેતરોમાના મોલ કેવાક છે એ અહીથી બરાબર કહી શકાતુ નથી ' બહાર દુકાળ હોય કે સુકાળ, આ કેદીઓને તેની શી પડી છે ? તેમને તો આઠ આઠ દસ દસ વરસ અહી જ ગાળવા છે કેટલાક નિસાસા નાખીને કહેતા ' અમારો ખાડો જેલમા જ છે ' આ લોકોને દુકાળની શી પડી હતી ? બહાર અનાજ પાકે તોયે એમને ઘી દૂધ તો શુ, છાશનુ પણ ટીપુ સરખુ મળવાનુ નથી અને બહાર સખતમા સખત દુકાળ પડે તોયે તે કારણસર તેમના ૧૩ આસની રોટલીના   ૧૧ ઔંસ થવાના નથી આમ છતા તેમને વરસાદની દરકાર રહે છે તે શા માટે ? એટલા જ કારણસર કે તેઓ કેદી થયા એટલે કઇ માણસ મટયા નથી કેટલાક ગુન્હા તેમણે કર્યા હશે, પણ

તેઓ ડઇ દુનિયાનુ ખૂરૂ ચાહનારા નથી માણુસજાત વિષેના આ અકારણુ અને અકૃત્રિમ પ્રેમની બાબતમા જેલના અમલદારો કરતા જેલના કેદીઓ ચઢિયાતા છે એમા શક નથી

લીમડાની લીબોળીઓ હવે બરાબર પાકી અને ટપ ટપ ટપ નીચે પડવા લાગી કેદીઓને આ ખાવાની છૂટ હતી માદા પડીને ઇસ્પિતાલમા જવાની અને ત્યા એકાદ દિવસ સાબુચોખાની કાજી પીવાની શક્તિ કે યુક્તિ જેમનામા ન હોય તેવાઓને આખા વરસમા આટલો જ ગળ્યો મેવો મળે, એટલે તેઓ ધરાઇને આ લીબોળીઓ ખાય હા, મુકાદમ અનુકૂળ હોય ત્યારે ઇસ્પિતાલમા જઇ સ્પિરિટ ક્લૉરોફૉર્મનો એકાદ ડોઝ પી શકાય ખરો

ખીસકોલીઓનુ કરૂણુ ક્રન્દન હવે બધ થઇ ગયુ હવે તેઓ મૂગે મોઢે ઝાડ પર અને નીચે આગણામા શરતો રમવા લાગી અત્યાર સુધીમા ઘણી ખીસકોલીઓએ અમારી સાથે દોસ્તી બાધી હતી અમારી પાસે આવે અને મોઢુ હલાવી હલાવીને રોટલાના કકડા માગે અમને મળતા જુવારના રોટલા સામે કેદીઓની ફરિયાદ તો રહેતી જ, પણ કાગડા, સમડી અને ખીસકોલીઓ સુદ્ધા જુવારના રોટલાને દિવસે રોટલાના કકડા લેવાને બહુ ઇતેજાર રહેતા નહિ કેટલાક કેદીઓ કહેતા, ‘ આ તે જુવાર છે ? પેટમા નાખી શકાય એવી માટી ! ’ મે જોયુ છે કે ઘણીવાર કેદીઓ જુવાર કરતા ખોરી ખોરી પણ બાજરી પસદ કરતા ઘઉંની રોટલી હોય તે દિવસે ખીસકોલી અમારી સામે બેસી અમારા હાથમાથી કકડો લઇ જાય ને ઓરડીની અદર આવીને ખાય એક

દિવસ તો બે ખીસકોલીઓની શરત ચાલતી હતી તેમાની એક પાછળથી દોડતી આવી મારા ખભા પર ચઢી બેઠી અમે તેમને સવારે ગરમાગરમ કાજી આપતા જે દિવસે સવારે કાજી મોડી આવી હોય તે દિવસે અધીરા બાળકની પેઠે આ ખીસકોલીઓ અમને પજવતી પણ ખરી

એક દિવસ સુપરિન્ટેન્ડન્ટ આવીને કહે, 'મે સાભળ્યુ છે કે તમે ખીસકોલીઓને ખવડાવો છો?' મે હા પાડી તેણે કહ્યુ, 'હા, આને લીધે જ ખીસકોલીઓ બહુ આવે છે ને તડકે નાખેલા કામળા કાતરી ખાય છે 'રિટ્રેન્ચમેન્ટ'ના આ દિવસોમા આટલુ નુકસાન કેમ ખમાય? તમારે આજથી ખીસકોલીઓને ખવડાવવાનુ બધ કરવુ જોઇએ, નહિ તો મારે પાજરા લાવીને ખીસકોલીઓ પકડવી પડશે ને મારવી પડશે ' હિન્દુને જેર કરવાનો અકસીર ઇલાજ ભાઇસાહેબના હાથમા આવી ગયો છે એમ મે જાણ્યુ સાચે જ, બીજે દિવસથી મે ખીસકોલીઓને ખવડાવવાનુ બધ કર્યુ ! બિચારીઓ આવી આવીને મારી તરફ જુએ આજે હુ તેમને કેમ નથી ખવડાવતો તેનુ કારણ તેઓ કયાથી સમજે અને હુ સમજાવી પણ કઇ રીતે શકુ? મારી આખ ભરાઇ આવી યુરોપમા મહાયુદ્ધ થયુ, ઇંગ્લડનુ લોહી મૂકાયુ, માટે હિન્દુસ્તાનને અઢળક ખરચમા ઉતરવુ પડ્યુ, તેથી બધા સરકારી ખાતાના ખર્ચ કમી કરવાનુ નક્કી થયુ અને તેથી એક ગરીબડી ખીસકોલીને રોજ મળતો રોટલીનો કકડો બધ થયો ! શી કારણપરપરા !

વરસાદ આવ્યો અને અમારુ બહાર સૂવાનુ બધ થઇ ગયુ અમે પાછા સાજે કોટડીઓમા પૂરાતા થયા એ જ અરસામા મારી ઓરડીમા મકોડાનો રાફડો ફાટ્યો હવે કેમ સૂવાય?

'ભાષણવાળાઓ'ની ઓરડીઓ છેક છેડા પરની, એટલે વાછટથી વધારે પલળવાની, અને તેમા કોડા પણ જરૂર થવાના દહાડે ઓટલા પર સૂતા હોઇએ ત્યા પણ મકોડા આવે રાત્રે ઓરડીમા આવે અને આવે ત્યારે દસપાચ કે સો પચાસ ન આવે પણ આખી ઓરડી છવાઈ જાય એવડી કાળી ફોજ ત્યા ખડી થાય બીજે જ દિવસે એક 'ભાષણવાળા'એ અહિંસક હોવા છતા ફિનાઇલ મ ગાવી દરેક દર પર અભિષેક શરૂ કર્યો આવા જર્મન ઇલાજ સામે મ કોડાની ફોજ ટકી ન શકી અધૂરામા પૂરૂ મ કોડાઓને બીજો એક નવો શત્રુ જાગ્યો મ કોડાઓ ઓટલા પર ફરવા માડે એટલે અમારી પૂર્વપરિચિત કાબરો મ જુલ શબ્દ કરતી અને પોતાની પાખોના પડમા છૂપાવેલો શ્વેતવર્ણ પ્રગટ કરતી, અને છોકરા કીસમીસ ખાય એમ મ કોડા ખાઇ જતી '

પત ગિયાની પેઠે મ કોડા પણ મૃત્યુ વિષે બેદરકાર દેખાય છે રાત્રે દીવો પ્રગટાવીએ એટલે કેટલાયે મ કોડા એની આસપાસ ભક્તિભાવથી પ્રદક્ષિણા કરવા લાગે છે, કલાકો સુધી ફર્યા જ કરે છે, અને અન્તે મરી પણ જાય છે જેલના મ કોડા હોજમા પાણી પીવા કે નહાવા જતા ચાલતા ચાલતા હોજના કિનારા સુધી આવે, ત્યા પગ લપસી જાય એટલે ટપ દઇને અ દર પડે હુ નહાતો હોઉં ત્યારે જેટલા પર ધ્યાન પહોચે તેટલાને ઉપાડીને બહાર દૂર મૂકતો પણ એ હઠીલા મ કોડા જમીન પર પગ મૂકે કે તરત જ ફરી હોજ તરફ દોડી કાઢે અને ફરી પાણીમા પડી જાય મને તેમની બેવકૂફી પર ખૂબ ચીઢ ચઢી મે મનમા કહ્યુ 'આ કમબખ્ત પહેલીવાર પાણીમા પડ્યા તે તો અજાણે પડ્યા પણ પાણીમા પડ્યા

પછી તરફડિયા મારતા અધમૂઆ થએલા મે એમને બહાર કાઢયા તે એમનો અનુભવ ક્યા ગયો ? હોજમા બીજા કેટલાયે મરેલા મકોડા પણ તેમણે જોયા છે છતાયે ડહાપણ ન આવે ?' કેટલાકને તો મે ચીવટપૂર્વક ત્રણ ત્રણવાર બહાર કાઢયા, છતા અનુભવથી શીખે એવી એ જાત જ નહિ મે નક્કી કર્યું કે કબુતરોની પેઠે આ મકોડા પણ બેવકૂફ પ્રાણી છે પણ વળી વિચાર આવ્યો, 'માણસજાત પણ કેવી બેવકૂફ છે ' વિષયમા પડીને ક્ષીણ થાય છે, મરી જાય છે, છતા વિષય છોડતી નથી અનાદિકાળથી ભવચક્રમા ભમે છે પણ રામનામ લેતી નથી માણસ પરણે છે ને પસ્તાય છે, પરણે છે ને પસ્તાય છે, છતા પરણ્યા વગર રહેતો નથી અને આપણે હિન્દુસ્તાનના લોકો પારકાની મદદ પર આધાર રાખીએ છીએ અને તેના જુલમને વશ થઇએ છીએ ઇતિહાસકાળમા અનેકવાર આ અનુભવ આપણે લીધો છે, છતા એની એ જ વાત ફરીફરી કરતા આવ્યા છીએ ત્યારે મકોડાની જ આ આત્મહત્યા જોઇ એ જાત બેવકૂફ છે એમ મારે શા સારૂ માનવુ ?'

ઇન્દ્રગોપ એ નામ બહુ જ ઓછા લોકોએ સાભળ્યુ હશે પણ ઇન્દ્રગોપ જોયો ન હોય એવો માણસ ભાગ્યે જ મળે ચોમાસાની શરૂઆતમા દાડમના દાણા જેવા લાલ ને મખમલ જેવા સુવાળા નાના જીવડા જમીનમાથી બહાર આવે છે ને ફર્યા કરે છે આઠ દસ દિવસ સુધી જ તે દેખા દે છે અને વરસમા આઠ દિવસની જિદગી ભોગવી અલોપ થઇ જાય છે આ આઠ દિવસની અદર આ પ્રાણીઓ પોતાનુ બાળપણ, યૌવન અને વડપણ ભોગવી લે છે અને ભૂમિમાતાને પોતાના

ઇંડા શ્રદ્ધાપૂર્વક સોંપી દઈ આ દુનિયામાંથી વિદાય લે છે આપણી પરંપરા કેમ ચાલશે એની શંકા એમના મનમાં રહેતી નથી આપણી જાતિનો નાશ થશે તો દુનિયાને કેટલું નુકસાન થશે એવી ભીતિ તેમના મનમાં વસતી નથી નવે વર્ષે (વર્ષનો મૂળ અર્થ વર્ષાકાળ છે) પોતાના બાળબચ્ચાંની સંભાળ કોણ લશે એવી મનોવ્યથા તેમને પીડતી નથી વિશ્વંભરા પ્રકૃતિમાતા પર વિશ્વાસ રાખી તેઓ નીગતે પોતાનું જીવતર પૂરું કરે છે માણસને જ કેમ પોતાના વંશ ને વારસની આટલી ચિન્તા રહેતી હશે? પ્રજાતન્તુ અવ્યવચ્છિન્ન રહે એટલી જ ઈતેજારી રાખીને પણ માણસ અટકતો નથી પણ છોકરાના છોકરા ખાય તોયે ખૂટે નહિ એટલો સંગ્રહ પાછળ મેલ્યા વગર માણસને સુખે મરણ આવતું નથી ઇન્દ્રગોપનું રક્ષણ ઇન્દ્ર કરે છે શું માણસનું રક્ષણ કરનાર કોઈ જ નથી? અથવા એમ પણ માની લઈએ કે માણસે જોયું હશે કે ઈશ્વરને માથે સૌની ચિન્તા છે તેથી બિચારો થાકી જતો હશે, એટલે ચાલો આપણો ભાર આપણે પોતે ઉપાડી તેનો ભાર હલકો કરીએ स्वत्रीयगुप्ता हि मनो प्रसूति । માણસના આવા ઉદ્દગાર સાંભળીને આદ્ય મનુને કેટલી ધન્યતા લાગતી હશે!

તે જ દિવસે મૌલાના સાહેબ જોડે ચાલતી ચર્ચામાં એમના મોઢામાંથી એક વચન નીકળ્યું માણસ પાસેથી આપણે કંઈક માગીએ ત્યારે તે નારાજ થાય છે કોઈ પાસે કશું માગવું નહિ એમાં ડહાપણ રહેલું છે, મોટાઈ રહેલી છે એથી ઉલટું, ઈશ્વર પાસે માગવાથી જ તે રાજી રહે છે આપણે ઈશ્વર પાસે કશું ન માગીએ એના જેવો બીજો

ગુન્હો નથી તે બાદશાહના બાદશાહની સ્તુતિ કરીએ અને બધુ તેની પાસે માગીએ એમા જ આપણી મોટાઇ રહેલી છે ઇશ્વર પાસેથી બધુ માગીએ, તે જે સ્થિતિમા રાખે તેમા સતોષ માનીએ અને તેની બદગી કરીએ, એ જ માણસનો ધર્મ છે

વહાણુ વાય એટલે પક્ષીઓ વહેલા ઊઠી કિલબિલ કિલબિલ કિલબિલ અવાજ કરતા સાજે પાછા આવે ત્યારે પણ જપે તે પહેલા તેવો જ અવાજ કરે દ્વિજગણનુ આ સૂર્યોપસ્થાન મને મારી પ્રાર્થનાની યાદ દેવડાવતુ એક વર્ષની જેલ દરમિયાન એક જ દિવસ મારી પ્રાર્થના પડવા પામી હતી ઉનાળામા પક્ષીઓ બહુ વહેલા ઊઠે છે જે પહેલવહેલુ ઊઠ્યુ હોય તે પોતાના કલધ્વનિથી શરૂઆત કરે તરત જ બીજા પાચસાત પક્ષીઓ જુદાજુદા ઝાડ પરથી તેનુ પ્રતિશ્રવણ કરે, અને પછી આખો સઘ પોતાની અમૃતવાણીનો ઘોષ ચલાવે પક્ષીઓના આ સમિશ્ર ગાયનમા નથી હોતો સ્વરનો મેળ કે નથી હોતી કોઇ જાતની તાલબદ્ધતા છતા આ વિશૃખલ સ્વરસમેલનમા કેવુ અનુપમ માધુર્ય હોય છે ! ઉષા અને સન્ધ્યા ગમે તેટલા સમૃદ્ધ રગોથી સજાએલી હોય, તો પણ આવા નિસર્ગસગીત વગર તે સૂનીસૂની જ લાગવાની

એક દિવસ ખૂબ વરસાદ પડ્યો બધે પાણીપાણી થઇ રહ્યુ ખાબો અને નીકો એટલી બધી ભરાઇ ગઇ કે તે ક્યા છે એની જ ખબર ન પડે એ પાણી પર જ્યારે વરસાદ પડે ત્યારે પાણી ઉછળીને જાણે વરસાદનુ સ્વાગત કરતુ હોય એવુ

દેખાય છે નાનપણમા એને અમે ચવલીપાવલીનો વરસાદ કહેતા આકાશમાથી ચાદીની ચળકતી ચેઆની ચારઆનીઓ જમીન ઉપર પડીને ઉછળતી ને ચળકતી હોય તેવો આ દેખાવ હોય છે અને તે ઉપરથી જ અમને એ નામ સૂઝેલુ વરસાદ સહેજ થાકે એટલે જેને જીવનની ઉપમા શોભે એવા પરપોટા તૈયાર થતા અને પાણી ઉપર કશા ઉદ્દેશ વગર આમતેમ ફરતા રહી એક પછી એક ફૂટી જતા, પણ તેમને માટે કોઇ વિલાપ કરતુ નહિ માણસ અને પરપોટા વચ્ચે આટલો ભેદ તો ખરો જ મેઘરાજાએ ઝાઝા દિવસ સુધી પોતાની મહેર વરસાવી નહિ પાણી સુકાવા લાગ્યુ, ખાબોચિયાને તળિયે લીલ બાઝી ગઇ, અને એ લીલ ઉપર ઝીણા મોતી જેવા પરપોટા જામવા લાગ્યા ઝમ્મટમલ અને મારી વચ્ચે વિવાદ શરૂ થયો પાણીમા રહેલી હવાને ખોરાક તરીકે ખેચીને આ લીલે આ પરપોટા બનાવ્યા છે અને સંગ્રહ કર્યો છે, કે લીલના શ્વાસોચ્છવાસમાથી નીકળેલી હવામાથી આ બનેલા છે? એટલુ ખરૂ કે પરપોટા એટલા નાના હતા કે ખાબોચિયાનુ તળિયુ છોડી પાણી કાપી તે ઉપર આવી શકતા ન હતા તળે ને તળે જ બેસી જતા આખરે જ્યારે ખાબોચિયુ આખુ સૂકાઈ ગયુ ત્યારે આ પરપોટાની અદર વસતુ પરપોટાકાશ મહદાકાશ સાથે એકરૂપ થઇ ગયુ અને તે બે વચ્ચેના ભેદની નિશાની સરખી રહી નહિ

लिखितमपि ललाटे प्रोज्झितु क समर्थ । લલાટે લખેલા લેખ કોણ ટાળી શકે ? આગણામા ઉગેલુ ઘાસ ખાઇ જનાર ઢોરબકરા જેલમા ન હતા, પણ તેથી કઇ અદરનુ ઘાસ સલામત ન હતુ એક દહાડો દાતરડા લઇને કેદીઓનુ એક ટોળુ

આા યુ અને તેમણે એક જ કલાકમા આખુ ખેતર નક્ષત્રુ કરી નાખ્યુ ! જમીન ઉઘાડી પડી એટલે કેદીઓએ સતાડી રાખેલા દુગળી, લસણ, મૂળા, અને થોડીક બીડીઓ પ્રગટ થયા દાતરડા પર દેખરેખ રાખનાર પોલીસે પ્રથમ તો તે બધા જપ્ત કર્યા, પણ તરત જ તેને દયાધર્મ (?) સૂઝ્યો અને તેણે કેદીઓ વચ્ચે તેની ખેરાત કરી નાખી પછી આવ્યુ ધારીઆધારી કેદીઓનુ ટોળુ પરશુરામે જેમ કાર્તવીર્યના સહસ્ર બાહુ વાઢી નાખ્યા તેમ તેમણે તમામ લીમડાની અનેકાનેક શાખાઓ કલમ કરી અમારે માટે દાતણોની ઉજાણી થઇ અને ખીસ ખોલીઓને માટે રમવાકૂદવાનુ તેટલુ ક્ષેત્ર ઓછુ થયુ મારા અરીઠા પર લીમડાની એક મોટી ડાળ ફેલાએલી હતી જોહુકમી તળે જેમ માણસનો વિકાસ થતો નથી તેમ લીમડાની છાયા નીચે મારો અરીઠો ઠીગરાઇ ગયો હતો આ સુદર તક જોઇ મારા અરીઠાનો મે પુરસ્કાર કર્યો ને તેના હિતની ખાતર લીમડાની જાડી ડાળ કપાવી નાખી સાચે જ ખુલ્લા વાતાવરણુ ી સ્વતન્ત્રતા મળતાવેત અરીઠો જોતજોતામા વધવા લાગ્યો સ્વતન્ત્રતા વગર વિકાસ નથી એ સાર્વભામ નિયમ છે

મારી ઓરડીમા ખૂબ ઊંચે એક બાકુ હતુ એક ચકલીની દૃષ્ટિ તેના પર પડી તરત જ તેણે ત્યા પોતાનો માળો વાટ્યો ખીસખોલીઓએ મા । ઉદેપુરી ઊનના આસનના કકડા તો કરી નાખ્યા જ હતા તેમાના મનપસદ કકડા ઉપાડી ઉપાડી ચકલીએ પોતાનો મહેલ સજી નાખ્યો આ રીતે છ વાગે ઓરડીમા પૂરાયા પછી પણ સહવાસને માટે મને ગોઠિયો મળ્યો ચકલી એ હમેશા પ્રસન્ન રહેનાર પ્રાણી છે આખો

દિવસ વાતો કરતા તે થાકે જ નહિ, અને બૈરાઓની પેઠે એની એ જ વાત ફરીફરીને કહેતા કંટાળે નહિ મારી ઓરડીમા રોટલાના ટુકડા પડેલા હોય એટલે અન્ન અને આશ્રયની તેને પૂરેપૂરી સગવડ મળી અને પક્ષિઓની જાત એટલે વસ્ત્ર તો માગે જ નહિ યથાકાળે માળામા નાના નાના બચ્ચા ચિવ્ ચિવ્ કરવા લાગ્યા ચકલી રોટલાની કણ્ચો જમીન પરથી વીણી લે, ચાચમા દબાવીદબાવીને તેને પોચી કરે ને ઉપર જઇ બચ્ચાને ખવડાવે મારી ઓરડીમા રહેતી ખીસકોલીથી આ ચકલીનો સહવાસ સહન થતો નહિ પણ કરે શુ? ભીતના બાકા સુધી પહોચી જવાય એમ ન હતુ નહિ તો ખીસકોલીએ ચકલીના ઇંડાને જ હોઇયા કરી નાખ્યા હોત જો કે ખીસકોલીઓ ઇંડા ખાય છે એ વાત છોટા-ચક્કર ન ૪ છોડયા પછી જ મારા જાણવામા આવી

જેલની અશુદ્ધ હવા, ઘી દૂધ વગરનો ખોરાક અને કાચી રસોઇ આ ત્રણેના સયોગને લીધે હુ ક્ષીણ થવા લાગ્યો, મારુ વજન ખૂબ ઘટી ગયુ, અને જેલના દાક્તરે મારુ સ્થાનાન્તર કરવાની જરૂર જોઇ યુરોપીઅન વૉર્ડમા ફરી જવાનુ નક્કી થઇ ચૂક્યુ એટલે દુખિત હૃદયે મે મારા પાચ મહિનાના માનવી તેમ જ તિર્યક્ સ્નેહીઓની વિદાય લીધી

યુરોપીઅન વૉર્ડના અનેક નામો છે નવા આવેલા બધા કેદીઓ અહીં રખાય છે એટલા માટે એને ક્વૉરન્ટાઇન કહે છે આમા સાત કોટડીઓ હારોહાર છે તેથી એને 'સાતખોલી' પણ કહે છે અહીંની ઓરડીઓ જેલની બીજી કોટડીઓના પ્રમાણમા મોટી છે, અને જમીન તેમજ આગળ પાછળના ઓટલા છોબંધ છે, એટલે સ્વચ્છતા સારી રીતે જળવાય છે આ સ્થાનમા એકવાર હુ રહી ગયેલો એટલે અહી નવા જેવુ કશુ હતુ નહિ છેલ્લા પાચ માસ દરમિયાન ભાઇશ્રી ઇન્દુલાલ અને દયાળજી અહી રહી ગયેલા અને હુ આવ્યો ત્યારે રૂપાલ સ્ટેટના ઠાકોર તખ્તસિહજી કરીને એક ઉમદા રજપૂત ગરાસિયા અહી રહેતા હતા આ ભાઇને જેલમા બીડી પીવાની રજા હતી અને જેલમા બીડી પીને તેના ઠૂઠા આમતેમ ફેકી દેવાની ટેવ હતી ! આખી જેલમા આ કારણથી તેમની પ્રતિષ્ઠા સૌથી વધારે હતી

મને ખુલ્લી હવામા સૂવાની હવે રજા મળી મારી સાથે શામળભાઈ આવ્યા તેમને પણ મારી સાથે જ ખુલ્લામા રાખ્યા, કેમકે તેમની મદદ વગર મારૂ ચાલે એમ ન હતુ સાતખોલીમા પહેલી વાત એ થઇ કે દિવસરાત જેલનો મોટો ઘટ બરાબર સભળાતો એટલે વખતનો કઇક ખ્યાલ આવતો સહેજ કટાળો આવે એટલે ઘટ વાગવાની રાહ જોઇએ બીજો ફરક તે રેલ્વે ટ્રેનનો અવાજ પહેલીવાર હુ સાતખોલીમા રહ્યો હતો ત્યારે ટ્રેનની સીસોટી તરફ ધ્યાન ગયુ ન હતુ, પણ છ મહિનાના વિવાસનથી રેલ્વેની સીસોટી પણ આકર્ષક થઈ પડી

હિમાલયની ૨૩૦૦ માઇલની પગમુસાફરી પછી જ્યારે ફરી પહેલવહેલો રે’વેનાદ સાભળ્યો ત્યારે તે અત્યત નીરમ અને કાવ્યવિહીન લાગ્યો હતો, પણ આજે તો રેલના પાત્રામા કઇ અપૂર્વ કાવ્ય જડી આવ્યુ ટ્રેન જાણે જીવતી હોય અને દૂરદૂરની મુમાફરી કરવાને નોતરતી હોય એમ જ મનમા થતુ સાબરમતી સ્ટેશનના એંજીનવાળાઓ પણ રસિક હોવા જોઇએ એંજીનમાથી એવા તો લાબા લાબા અને વિષાદમય આરોહઅવરોહવાળા સૂર કાઢતા કે બેઠેબેઠે ઠેકાણે ચિત્ત અસ્વસ્થ થતું હાલના કવિઓ બળદગાડી અથવા ઊંટની મુસાફરીને રોમૅન્ટિક (Romanic) કહે છે અને રેલ્વેની મુસાફરીને શુષ્ક ગદ્ય જેવી કહે છે મને લાગે છે રેલ્વેની મુસાફરી જ્યારે નવી હતી ત્યારે અથવા સુધારાના જમાનામા જ્યારે તે જૂની થઇ જશે ત્યારે કવિઓને તેમા પણ કાવ્ય જડશે

જેલ બહાર જેલના પોલીસોએ હમણા હમણા જ મહાદેવનુ એક દેરૂ બાધ્યુ છે જેલમાથી તેનુ ચળકતુ શિખર સહેજસાજ દેખાય છે આ મદિરમા રાતની વેળા ઘણીકવાર ભજન ચાલતું જેલના શુષ્ક અને અનાત્મવાદી વાતાવરણમા મીઠુ સગીત પણ અજુગતા અજુગતા જેવુ લાગતું જ્યા સગીત હોય ત્યા જેલજીવન અસત્ય જેવુ ભાસવાનુ જ કેદીઓને પકડનાર પોલીસો તેમને જેલમા મોકલનાર ન્યાયાધીશો, તેમને માટે કાયદાઓ ઘડનાર ધારાશાસ્ત્રીઓ, તેમની ચોકી કરનાર જેલ અમલદારો ને વૉર્ડરો, બધાનો વિચાર કરીએ તો ક્યાયે સગીત જડે નહિ, બધે જ નરી કર્કશતા !

એક દિવસ કેટલાક છોકરાઓ કે છોકરીઓ મદિરમા બારેક વાગ્યા સુધી ગાતા હતા અવાજ કુમળો છતા તીણો

હતો, એટલે જ્યારે જ્યારે પવનની લહેર અમારી દિશામાં આવતી અને એકાદ મધુર મધુર આલાપ સંભળાતો ત્યારે ગંધર્વગાયન સંભળાતું હોય એવો આનન્દ થતો અને ઔત્સુક્ય વધતું પણ ગાયન કરતાં નગારાની ઠેકમાં જ ઉન્માદકારી શક્તિ વધારે હોય છે. તાલ જામે એટલે ચિત્તવૃત્તિનો એક જાતનો લય થાય છે, બાહ્ય સૃષ્ટિનું ભાન ભૂલાય છે, નગારાના ધબકારા સાથે હૃદયના ધબકારા શરૂ થાય છે, અને મન એક જાતનું નૃત્ય શરૂ કરે છે. કોક કોકવાર ગાત્રે સ્ટેશન તરફથી ડાકલાના તાલ સાથે ધૂણવાનો અવાજ સંભળાતો, પણ તે બિલકુલ આકર્ષક લાગતો નહિ. ધૂણવું એ તો ગાંડાઈની જ નિશાની છે. ધૂણનારને પોતાને જ તેમાં રસ ન પડે, પછી સાંભળનારને ક્યાંથી પડે?

ઘણીવાર રસ્તા પરથી જતી ને ભૂંગળાં પાડતી મોટરગાડીઓ સંભળાતી, સાઇકલની કિંકિણી કાને પડતી, અને બાહ્ય દુનિયા નાહક કેટલી દોડે છે એનો ખ્યાલ આપતી. આ બાજુ અમે અંદર નિરર્થક કાળ વ્યતીત કરતા હતા. બહારની ગતિ અને અંદરની સ્થિતિ બંને હાલના જમાનાની નિરર્થકતા સૂચવતા હતા.

પાછલા આંગણાની દીવાલ પર દયાભાજન હોલાઓનું જોડું વારીવાર આવીને બેસતું. કહે છે કે તમામ પ્રાણીઓમાં હોલો અત્યંત નિષ્પાપ અને ભોળું જાનવર છે. આખો દિવસ 'પ્રભૂ—તુ' 'પ્રભૂ—તુ' એમ રટ્યા કરે છે. મહારાષ્ટ્રમાં હોલાને 'કવડા' કહે છે. અહીંના અને ત્યાંના હોલાઓમાં નામભેદ છે એટલું જ નહિ પણ શબ્દભેદ પણ છે. મહારાષ્ટ્રના હોલા 'પ્રભૂ—તુ' બોલતા નથી. તેમનો અવાજ લગભગ 'કુદુર્ર્' 'કુદુર્ર્' 'કુદુર્ર્' 'કુદુર્ર્' એવો થાય છે. આ

ઉપરથી ત્યાના ગામડાના લોકોએ એક લોકવાર્તા ઉપજાવી કાઢી છે કવડો પહેલા માણસ હતો તેના ઘરમા એક તેની સ્ત્રી અને સીતા કરીને એક તેની બહેન હતી એક દિવસ તેણે બહેનને અને સ્ત્રીને શેર શેર ડાગર આપી કહ્યુ, મને આના પૌઆ બનાવી આપો સ્ત્રીએ ડાગર ખાંડી એમ ને એમ પતિ આગળ ધરી દીધી હેતાળ બહેને ડાગર ખાંડી સોઇઝાટકી કુશકા જુદા કરી ચોખા બરાબર વીણી ભાઇ માટે પૌઆ તૈયાર કર્યા ભાઇએ જોઇ લીધુ કે સ્ત્રીના પૌઆ શેરેશેર છે અને બહેનના તો બહુ જ ઓછા છે તેણે મન સાથે નક્કી કર્યુ કે બહેન પાકી આપસ્વાર્થી ને પેટ્ડી છે સ્ત્રી તો આખરે સ્ત્રી એને ધણીનુ લાગે એટલુ બીજાને ક્યાથી લાગે ? ભાઇ ક્રોધે ભરાયો અને શેરિયો ઉપાડી બહેનના કપાળમા માર્યો. બહેન બિચારી ત્યા ને ત્યા જ તરફડીને મરી ગઇ ! થોડીવારે ભાઇ સ્ત્રીએ તૈયાર કરેલા પૌઆ ખાવા બેઠા સ્ત્રીએ તૈયાર કરેલા પૌઆ મોઢામા તો નાખ્યા, પણ કુશકાસોતા પૌઆ ખાધા કેમ જાય ? થુ થુ કરીને બધા કાઢી નાખ્યા પછી પેલા બહેનના પૌઆ ખાવા લાગ્યો અહા, શી એની મીઠાશ ! દુનિયામા બહેનના હેતની તોલે આવે એવી કઇ વસ્તુ છે ? ભાઇએ એક જ કોળિયો ખાધો અને પ્રશ્ચાત્તાપથી બહેનના શબ પાસે પડી તેણે પણ પ્રાણ છોડયા ત્યારથી એને હોલાનો જન્મ મળ્યો છે અને હજી તેની પશ્ચાત્તાપવાણી ચાલ્યા કરે છે उठ सिते कवडा पोर पोर। पोहे गोड गोड ॥ એટલે કે ‘સીતે, ક્ષમા કર ને ઉઠ કવડાએ તો છોકરવાદી કરી તારા જ પૌવા મીઠા હતા, મીઠા હતા ’

કેટલુ કરુણ કાવ્ય ! અને કેવો જનસહજ બોધ ! સાંજે પ્રાર્થના પછી શામળભાઇએ હોલાનુ જ ગીત ગાયુ મે

તેમને ઉપલી વાત કહી અને હોલાની જ વાત કરતા અમે સૂઈ ગયા નઝીરના પેલા કાવ્યનુ અનેકવાર સ્મરણ થયુ, પણ આખુ યાદ ન હતુ

' સાજ સબેર ચિડિયા મિલકર
ચૂ ચૂ ચૂ ચૂ કરતી હૈ
ચૂ ચૂ ચૂ ચૂ ચૂ ચૂ ક્યા અબ
બેચૂ બેચૂ કહતી હૈ '

પશુપક્ષીઓ અને કુદરત પાસેથી અધ્યાત્મનો પાઠ શોધવાના અને શીખવાના પ્રકાર બધા જ કવિઓમા હોય છે

સાતખોલીને પડખે જ નવુ કારખાનુ હતુ ત્યા પણ લીમડાના ને બીજા ઝાડ બહુ મોટામોટા હતા તેના પર સવારસાજ પક્ષીઓની જમાત આવીને બેસતી અને વખત થયે વગર આળસે નમાઝ પઢતી છોટા ચક્કર કરતા અહી પક્ષીઓ વધારે હતા, અને મને લાગે છે અહીંના પક્ષીઓ સવારે કઇક વહેલા પણ ઉઠતા આખો દહાડો ખીસકોલી, કાગડા, સમડી, હોલા, કાબરો વગેરે અનેક જાતના પક્ષીઓ ભેગા થતા અને કોલાહલ મચાવતા એક દિવસ એક કાગડાએ એક નાનકડા કોશિયાનો કઇક ગુન્હો કર્યો હશે કોશિયો એવો તો ચીડાયો કે કેમેકર્યો કાગડાની પૂઠ છોડે જ નહિ કાગડો એક ઝાડથી બીજે ઝાડ કરતો કરતો ઘણી જગાએ ઊડયો, પણ કોશિયે તો જાપાની સીપાઇઓની પેઠે તેનો કેડો મૂકયો જ નહિ પેલા કાગડાની મદદમા બીજો કાગડો ન આવ્યો હોત તો તેના શા હાલ થાત તે કહેવુ મુશ્કેલ છે

કાગડાનો અને સમડીનો સગ્રામ તો જગજૂનો છે સમડી સ્પૅનિશ આર્મેડાની પેઠે અથવા મોગલ ફોજની પેઠે ધીમેધીમે ચાલે ઝટ દિશા ફેરવતા તેને આવડે જ નહિ, જ્યારે કાગડો તો મરાઠા બારગીરોની પેઠે સ્વૈરગતિએ દોડી શકે અને ગમે તે સ્થિતિમા પોતાનો બચાવ કરી શકે પણ કાગડો કોઇ કાળે એકલો સમડી પર હુમલો કરે નહિ બે કાગડા હોય ત્યારે જ એક બાજુથી એક ને બીજી બાજુથી બીજો સમડીની પૂઠ પકડે છે સમડી એકને મારવા જાય એટલે બીજો તરાપ મારી સમડીને ચાચ મારે સમડી તેની તરફ વળે એટલે પેલી તરફવાળો તરાપ મારી ચાચ મારે આમાથી બચવાનો એક જ ઉપાય સમડી પાસે હોય છે તે ગોળ ગોળ ફરતી આકાશમા ઊંચે ઊંચે ચઢે છે અને પછી કાગડા ત્યા સુધી જવાની હિમત નથી કરતા

વાત એમ બની કે એક વખતે સ્ટેશન તરફ માસના લોચા અથવા કોઇ સડેલુ જાનવર પડ્યુ હશે, એટલે વીસ પચીસ સમડીઓ અને સો બસો કાગડા ત્યા ભેગા થયા અને જોત જોતામા ટ્રોજન યુદ્ધ જેવુ મહાયુદ્ધ આકાશમા જામ્યુ આ યુદ્ધમા એકિલીઝનો ભાગ કોણે ભજવ્યો, પૅરિસ કોણ થયો, નેસ્ટર જેવુ ડહાપણ કોણે ડોળ્યુ અને યુલિસિસ કોણ બન્યો એ બધુ હુ જાણત તો જરૂર એક મહાકાવ્ય લખવા જેવો તે પ્રસગ હતો ચાચ અને નોર ઉપરાત કાગડાઓ પાસે એક વધારાનુ શસ્ત્ર હતુ સમડી પાસે તે નહિ હોવાથી સમડીનો પક્ષ ન્યૂન દેખાતો એ શસ્ત્ર તે મહાન કોલહાલ સમડીઓ મૂગે મોઢે ફર ફર ફર કર્યા કરે, આમ જુએ ને તેમ જુએ, નીચે જુએ ને ઉપર જુએ પણ કાગડા તો બધા મળીને સિવિલ સર્વિસના

નોકરોની પેઠે એકસામટા કાવ્ કાવ્ કાવ્ કરી મૂકે અને પોતાના ભૂમગણ આગળ બીજુ કશુ કાને પડવા જ દે નહિ આ મહાયુદ્ધમા અમે જોયુ કે સમડીઓમા પણ સપ હોય છે અને તેમની ધીરજ સહેજે ખૂટી જાય એવી નથી હોતી એક સમડીને ઝાઝા કાગડા પજવે એટલે ચાર પાચ સમડીઓ મોટી ક્રુઝર કે ડ્રેડનૉટની પેઠે તાબડતોબ તેની વહારે ધાય અને પછી એકે કાગડો ત્યા ટકી ન શકે યુદ્ધ ચાલતુ હોય ત્યારે સમડીઓની ગતિ પ્રમાણબદ્ધ વર્તુલાકારમા ચાલ્યા કરે તેથી તે ખૂબ જ શોભે અમારી ખાતરી થઇ ગઇ કે ગમે તેનો પક્ષ સાચો હોય છતા યુદ્ધમા સમડીઓ આર્યોની પેઠે લડે છે અને કાગડા તો છેક અનાર્ય ગમે તેમ ધરે, ગમે ત્યારે પાછી પાની પણ કરે તેમને ચઢતા પણ વાર નહિ અને ઉતરતા પણ વાર નહિ લગભગ બે કલાક સુધી આ આકાશયુદ્ધ ચાલ્યુ અમને થયુ કે દિવસનો અત પહેલો આવશે કે આ યુદ્ધનો ? જો કે આવી ચિતાનુ કારણ ન હતુ આ યુદ્ધમા કોઇ અર્જુન અને જયદ્રથ થોડા જ હતા ? આખરે સમડીઓએ છેલ્લી નીતિ આદરી ગોળ ગોળ ફરતા તેમણે પોતાની 'ઉન્નતિ' એટલી તો સાધી કે ક્ષુદ્ર કાગડાઓ ત્યા સુધી પહોચી ન શકે કાગડાઓએ રણગીતનો સૂર ફેરવી વિજયગીત શરૂ કર્યું, ' અમે જીત્યા, ' ' અમે જીત્યા, ' જો કે સમડીઓના મનમા ખાતરી હતી કે નૈતિક વિજય તો પોતાનો જ થયો હતો

આપણે બધા જાણીએ છીએ કે મહાયુદ્ધ પૂરૂ થાય તોપણ થોડા દિવસ સુધી તો પાછળ તેના ભણકારા આવ્યા જ કરે છે બીજે દિવસ બે ચાર સમડીઓ કઇક ખાવાનુ લઇને

જેલની દીવાલ પર બેઠી હતી કાગડાઓને તેની ખબર પડી તેમણે બબ્બે ત્રણત્રણ જણ વચ્ચે એક એક સમડી વહેચી લીધી એક કાગડો જમણી તરફ બેસે, બીજો ડાબી તરફ, અને ત્રીજો હોય તે સ્હેજ પાછળની બાજુએ સમડીના માથા પર ફર્યા કરે સમડી બેઠી બેઠી ત્રણેને ધમકાવી છેટે ગપતી જાય અને પગમા પકડેલો ખાધનો કકડો ખાતી જાય એક સમડી સરતચૂકથી અથવા ક્રોધના સ મોહમા ભાન ભૂલી જઇ એક કાગડા પર ધસવા સ્હેજ ઉડી કે તરત જ બીજી બાજુ ટાપી રહેલા કાગડાએ તેના પગમાનો કકડો ઝૂટવી લીધો ને નાગલો જ ત્યાથી નાઠો યુદ્ધમા આની રીતે કમાયેલી લૂટ ત્રણે યુદ્ધમાન કાગડા માહોમાહે વહેચી લે છે કે કેમ તે જોવાને હુ આતુર હતો, પણ કાગડા જેલની દીવાલની પેલીપાર આવેલા ઝાડ પર ઉતર્યા તેથી મારૂ આ મહત્વનુ સશોધન ત્યા જ અટકી ગયુ બીજી સમડી વધારે યોગયુક્ત હતી તેનુ સમગ્ર ધ્યાન કાગડાઓને સજા કરવા કરતા પોતાનો કકડો બચાવવા તરફ હતુ એ જ નીતિ તેને વધારે પસદ હતી કાગડાઓ મથ્યા કરે અને અપ્રમત્ત સમડી પોતાના લોચામાથી એક પછી એક નવાલો લેતી જાય અતે જ્યારે કશુ બાકી રહ્યું નહિ ત્યારે કાગડાઓને ધર્મબુદ્ધિ સૂઝી અને ' કાગ્રો પારો ખાવો અન, તેવુ છે પરાયુ ધન ' એમ કહેતા કહતા માધુ સમી મુદ્રા ધારણ કરી ત્યાથી ચાલ્યા ગયા

હુ માનતો કે કોયલ પોતાના ઇડા કાગડા પાસે સેવાવે છે એ કેવળ કવિકલ્પના હશે ' શાકુન્તલ ' મા જ્યારે વાચ્યુ ' अन्यैर्द्विजै परभृत खलु पोषयन्ति ' ત્યારે કાલિદાસ લોકવહેમનો ઉપયોગ કર્યો છે એમ જ મે માનેલુ પણ જેલમા

જોયુ કે કાગડા સાચે જ કોયલના બચ્ચાને ઉછેરે છે જ્યા ત્યાથી ખાવાનુ આણીને બચ્ચાને ખવડાવે અને તેમને લાડ લડાવે પણ થોડા દિવસમા સસ્કૃતિનો ઝગડો શરૂ થયો કાગડાઓને થયુ કે બચ્ચાને ખવડાવીએ એટલુ બસ નથી, આપણી સુધરેલી કેળવણી પણ તેને આપવી જોઇએ એટલે ખાસ વખત કાઢી માળા પર બેસી કાગડો શીખવાડે, ' બોલ કા કા કા ' પણ કોયલનુ પેલુ કૃતઘ્ન બચ્ચુ જવાબ આપે, ' કૂ કૂ કૂ ' કાગડો ચીઢાઇને ચાચ મારે અને ફરી કેળવણી શરૂ કરે, ' કા કા કા ' પણ આમ કોયલ કઇ પોતાની સસ્કૃતિનુ અભિમાન છોડે ? એણે તો પોતાનુ ' કૂ કૂ ' જ ઘૂટના માડયુ કાગડાની ધીરજ ખૂટી ત્યા સુધીમા કોયલનુ બચ્ચુ પગભર થયુ હતું — અથવા સાચુ કહીએ તો પાખભર થયુ હતુ કાગડાની બધી મહેનત છૂટી પડી મને લાગે છે કાગડો હિદુસ્તાની હોવાથી તેણે નિષ્કામ કર્મ કર્યાનુ સમાધાન તો જરૂર મેળવ્યુ હશે यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोष । એમ ન હોત તો કાગડો દરવર્ષે એ ને એ જ અખતરો ફરીફરીને શુ કામ કરત ? શામળભાઇ કહે, ' આ કોયલના બચ્ચા જેટલી પણ અક્કલ આપણા અગ્રેજી ભણેલાઓમા હોત તો તેઓ ઘરમા અગ્રેજીમા ન બોલત '

ચોમાસામા વરસાદ બહુ ઓછો પડયાથી તાપ સખત પડતો હતો તે હવે ઓછો થવા લાગ્યો દશેરાદીવાળીના દિવસો આવ્યા જેલમા દશેરાદીવાળીનો કઇ અર્થ જ નથી આખુ વરસ એક જ જાતનો ખોરાક મળવાનો, અને રજા ફક્ત રવિવારની તે પણ નામની જ નાતાલને દિવસ

સુપરિન્ટેન્ડેન્ટ યુરેપીઅન હોય તો કેદીઓને શાક ઉપરાંત અથાણુ મળે ગ્જાને દિવસે પણ કેદીઓ પાસેથી કામ તો લેવાય જ છે, પણ તે ઉપરાંતની નવી અગવડ એ કે પોલીસો પોતાને છુટીનો લાભ મળે એટલા સારૂ કેદીઓને બપોરે જ પૂરી દઇ જેલ ગતપહેરાવાળાઓને સુપરત કરી ચાલતા થાય બિચારા કેદીઓને છુટીને દહાડે આમ ઉલટી સજા થાય ને સધ્યાકાળના લાલ પીળા સોનેરી વાદળા જોવાનો જે આનદ આડે દહાડે હમેશા મળે છે તે તહેવારને દિવસે મળતો નથી બિચારા કેદીઓ ઓરડીના એકાન્તવાસથી ડરે છે, મૂઝાઇ જાય છે કેટલાકને તો મોટેથી રોતા પણ મે જોયા છે મને જે એકાન્ત અત્યત પ્રિય લાગતુ તે તેમને ભારે સજારૂપ લાગતુ પણ મારા જેવાની સખ્યા તો દુનિયામા હમેશા ઓછી જ રહેવાની માણુસની વૃત્તિ અતર્મુખ હોય તો જ તેને એકાન્ત સદે છે છતા જેલમા એક જ પરિસ્થિતિમા, એની એ જ દીવાલો વચ્ચે લાબા વખત સુધી રહેવુ પડે એની માઠી જેવાના મન પર પણ અસર થાય છે એમ મે જોયુ કેદીઓને જેલની અદર જ એકાદ કલાક વારાફરતી ખૂબ ફરવાની સગવડ હોય તો તેની નૈતિક અસર ખૂબ સારી થાય

દશરાને દિવસે એક નીલકઠ (ચાસ પક્ષી) અમારે ત્યા આવ્યો નાનપણથી નીલકઠ વિષેનું કાવ્ય ખૂબ સાભળેલુ નીલકઠ એટલે અત્યત કલ્યાણકારી પક્ષી જ્યા તે જાય ત્યા શુભ જ થવાનુ, નીલકઠનુ દર્શન થાય એટલે તે દિવસે સારૂ સારૂ ખાવાનુ મળવાનુ, એ બધી માન્યતાઓ તેના દર્શન સાથે મનમા તાજી થાય છે મને સારૂ સારૂ ખાવાની

ઇચ્છા પણ ન હતી ને આશા પણ ન હતી મે સ્વાદ જીત્યો છે એમ તો કેમ કહુ, પણ તે વિષે ખૂબ બેદરકાર છુ ખરો નીલકંઠને જોઈને આખો દિવસ ખૂબ પ્રસન્નતા અનુભવી અને નીલકંઠ પણ કોઈ રાજદૂતની પેઠે પોતાના પોશાકના મહત્ત્વનુ પોતાને બરાબર ભાન હોય તેમ દબાએલા અભિમાનથી આમતેમ ઊડતો હતો ઘણીવાર અમારા તરફ નજર નાખતો, પણ તે એટલી બેદરકારીથી કે જાણે કહેવા માગતો હોય કે તમારા જેવા ક્ષુદ્ર માનવી મારી એક નિગાહને પણ લાયક નથી થોડોક વખત આમતેમ ફરી ભાઈસાહેબ જાણે કંઈ ભારે કામ ભૂલી ગયા હોય તેમ એકાએક ઉતાવળા ઉતાવળા ઊડી ગયા આપણા બેસતા વરસે સુપરિન્ટેન્ડન્ટે એ જ નીલકંઠ જોયો એટલે મને આવીને કહે, 'મિ૦ કાલેલકર, આજે મે નીલકંઠ જોયો એનુ માહાત્મ્ય શુ છે?' મે કહ્યુ, 'તમારૂ આખુ વરસ મજામા જશે માત્ર નીલકંઠનો શિકાર નહિ કરતા' સુપરિન્ટેન્ડન્ટે કહ્યુ, 'આખુ વરસ કેવુ જશે કોણ જાણે, પણ આજે તો સવારે ઊઠીને નવા કારખાનામા કેદીઓ ને મુકાદમ લઢી પડ્યા એ ભારે અપશુકન થયા ખરા' સાભળ્યા પ્રમાણે તો તે વરસ હિંદી સ્ટોરખાતામા રહી ગબ્બર થએલો ડૉઇલ સાહેબનો વડો સસરો ગુજરી ગયો અને તેની મોટી મિલકત ડૉઇલ સાહેબની પત્નીને મળી આ અપશુકન ગણાય કે શુકન એ આપણે શુ જાણીએ'

હુ માંદો હતો તે દરમિયાન મને દૂધ મળતુ અને જ્યા દૂધ હોય ત્યા બલાડી તો હોય જ એ જૂનો સિદ્ધાન્ત, એટલે હીરાએ મારી સાથે ભાઈબંધી કરી ગમે ત્યાથી આવે અને પગે નાક ઘસે, પૂછડી ઊંચી કરીને 'મીયાઉ' એવો

પ્રતિષ્ઠિત અને સજ્જન અનાજ કરે નાનપણમા વૈશ્વદેવ કરી પછી જ જમવા બેસવાનો અમારો રિવાજ, એટલે બિલાડીને દૂધ પાયા વગર જાતે દૂધ પીવાનુ મન થતુ જ નહિ પણ બિલાડી માટે વાસણ ક્યાથી લાવવુ ? સદ્ભાગ્યે અમારા ઓટનાની કોર પગના એક પોરબદરી પથરામા નાનકડી તાવડી જેવો એક ખાડો હતો, તેમા રોજ એને હુ દૂધ પાતો કોક દિવસ હુ 'Tale of Two Cities' વાચવામા ગુનતાન હોઉં અને બિલાડીને વેળાસર દૂધ ન મળે એટલે ધીમે ધીમે એક એક પગલુ ભરી બિલાડી પ્લેટથી ઢાકેલા મારા ચબુ તરફ જાય, દૂરથી ચબુ સૂઘે, અને પોતે ભારે ગુન્હો કર્યો એવુ એકાએક ભાન થયુ હોય તેમ ઝટ પાછે પગલે પાછી હટી જાય બિલાડી જો સસ્કૃત જાણતી હોત તો બોલી ઉઠત 'अहो बत महत्पाप कर्तुं व्यवसिता वयम।' પણ એ તો બિલાડી રહી એનુ બધુ સસ્કૃત 'મીયાઉં' એ એક જ ઉદ્ગારમા પરિસમાપ્ત થતુ પાછી બેસીને 'મીયાઉ' બોલી મારા તરફ સહેજ જુએ ને ધીરજ કેળવે પણ પાછુ રહેવાય નહિ એટલે ફરી આગળ જાય, દૂધ સુઘે ને અચકાઇને ફરી પાછી હઠે આ રીતે એણે મારા પર સારી છાપ પાડી હુ એને નિયમસર દૂધ પાતો કોકવાર એને રોજ કરતા બમણુ દૂધ આપતો પણ આખરે બિલાડી તે બિલાડી એક દિવસ ક્યાકથી એક દોસ્તદારને લઇ આવી હીરાને તો અમારી બીક હતી જ નહિ એટને તે સીધી આવીને મારી પથારી પાસે બેઠી અને એનો દોસ્તદાર અમારી નજર ચૂકીને આગળ ધસ્યો અને એણે ચબુ ઉથલાવી પાડ્યો એની ઉજાણી શરૂ થાય તે પહેલા જ શામળભાઇનુ ધ્યાન તે તરફ ગયુ ને તેમણે તેને હાકી કાઢ્યો.

હીરાની મુદ્રા પણ ચોર જેવી થઇ હતી તે પણ વગર હાક્યે ત્યાથી પો'બારા ગણી ગઇ બે ત્રણ દિવસ લાગલાગટ આ બ નેએ ઉત્પાત મચાવ્યો હીરા પહેલા તો ભીતના નીચના કાણામાથી એકલી આવતી અને પરિસ્થિતિ નિહાળી અનુકૂળતા જણાયે બહાર જઇ દોસ્તદારને લઇ આવતી પોતે પ્રત્યક્ષ ચોરીમા ભાગ ન લે પણ તેમા તેનો સમભાવ તો પૂરેપુરો હોય હીરાના ગુન્હાની ખાતરી થયા પછી બે દિવસ મે એનુ દૂધ બધ કર્યુ દૂધ ઉપર સખત પહેરો નાખ્યો એટલે હીરા સમજી ગઇ તેણે પોતાના દોસ્તદારની દોસ્તી છોડી અને અડધો અડધો કલાક અમારી પાસે બેસી પસ્તાવો જાહેર કરવા લાગી એનુ દૂધ ફરી શરૂ થયુ તે છેક હુ બહાર આવ્યો ત્યા સુધી ચાલુ રહ્યુ કોક દિવસ — અને ખાસ કરીને જેલમા મટનનો દિવસ હોય ત્યારે સરસ ઉજાણી મળવાથી હીરા દૂધને માટે આવતી જ નહિ પણ હુ એનો ભાગ બીજા દહાડા સુધી સાચવી રાખતો એક દહાડો **શામળભાઇ** પોતાના કાગડાઓને રોટલીના કકડા ખવડાવતા હતા ત્યા હીરા ક્યાકથી આવી ચઢી કાગડાઓને આ અણધાર્યા મહેમાનનુ આવવુ ગમ્યુ નહિ તેઓ બધા જમીનપર હારબધ બેઠા અને તે હાર પણ દીવાલનો છાયો જ્યા પૂરો થઇને તડકો શરૂ હતો ત્યા છાયાના છેડા પર બનાવી તેમણે વિવિધ અવાજે પણ એકમને 'કા' 'કા'ની લાળી શરૂ કરી બિલાડીએ પહેલા તો આ કાગારોળ તરફ આખ આડા કાન કર્યા, પણ થોડા જ વખતમા તે અકળાઇ ને દોટ મૂકી દીવાલના કાણામા થઇ આગણા બહાર ચાલી ગઇ કાગડા ટાઢા પડ્યા ને પછી સુખેથી તડકામા બેસી નિર્વિઘ્ને રોટલીના કકડા આરોગવા લાગ્યા !

૩૦મી અકટોબરનો દિવસ હતો આકાશ વાદળાથી ઘનઘોર ઘેરાયુ હતુ આકાશમા એક સુદર ઇન્દ્રધનુષ તણાયુ એમ તો ઇદ્રધનુષ બધા જ સુદર હોય છે, સૂર્યની સામી બાજુએ તણાતા હોવાથી તેને દિશાની અનુકૂળતા આપોઆપ મળી જાય છે સૂક્ષ્મ દૃષ્ટિએ નિહાળનાર માણસ જોઇ શકે છે કે આકાશમા હમેશા બે ઇન્દ્રધનુષો દેખાય છે, એક મુખ્ય અને બીજુ એની જ પાસે એ જ મધ્યબિદુ સાચવીને પણ બહુ જ આછા રગનુ આ આછા ઇન્દ્રધનુષની બીજી ખૂબી એ હોય છે કે મુખ્ય ઇન્દ્રિધનુષનો રગ જે ક્રમમા દેખાય છે એથી બરાબર ઉલટા ક્રમમા આછા ધનુષના રગ હોય છે નાટકમા જેમ નાયિકા સાથે ઉપનાયિકા હોય તો જ નાટક ભરચક ગણાય છે તેમ આ આછા ઇન્દ્રધનુષથી જ મૂળ ઇન્દ્રધનુષની શોભા યક્ષના પ્રાસાદ જેની થાય છે પણ ઇન્દ્રધનુષની મૂળ શોભા તેની આસપાસના મેઘની શ્યામલતા ઉપર જ દીપે છે આજે વાદળાની શોભા અસાધારણ હતી વાદળાનો રગ બહુ ઘાડો ન હતો છતા તે વખતના પ્રકાશ સાથે તેની વિલક્ષણતા બરાબર જામી હતી, અને તેથી બને ખીલી ઉઠતા હતા ૩૦મી અકટોબરે આટલેથીયે સતોષ ન માન્યો પાસેની એક મિલમાથી કાળો કાળો સીપિયા રગનો ધૂમાડો નીકળતો હતો, અને હવાના દબાણને લીધે એ ધૂમાડાના ગોટા બહુ ફેલાવાને બદલે મોજાંની પેઠે અદર ને અદર ઘુમરી ખાતા ઇન્દ્રિધનુષને છેદીને આગળ વધતા હતા

સાચે જ કબુતર એ બેવકૂફ પ્રાણી છે અમારી ઓસરીના છાપરામા મોભ અને મોભિયાને વચગાળે અને વળી વચ્ચેના ખૂણામા પોતાનો માળો બાધવાનો કબુતરના એક

જોડાએ વિચાર કર્યો ત્યા માળો ટકે એમ હતુ જ નહિ અને તેમા વળી સુપરિન્ટેન્ડન્ટ રોજ આવીને છાપરૂ અહીંથી સાફ છે કે નહિ એ તપાસે કબુતરો સવારથી સાજ સુધીમા લીમડાની કેટલીક સૂકી સળીઓ ભેગી કરીને ગોઠવતા પણ જેટલી ગોઠવવા જાય તેટલી નીચે પડે ને નીચે કચરો પડે મને થયુ કે આ ધણીધણીઆણીને આ મિથ્યાપ્રયત્નમાથી હુ બચાવુ મે એમને બે ત્રણ દિવસ સુધી આખો દિવસ ઉડાડવાનો ધધો કર્યો એમને ત્યા આવવા જ ન દઉ પણ એ પઢતમૂર્ખ કબુતરોએ ઉત્તમ જનનુ લક્ષણ મોઢ કર્યુ હતુ

विघ्नै पुन पुनरपि प्रतिहन्यमाना

प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ।

એમણે પુરુષાર્થ (અથવા દંપત્યર્થ) જારી જ રાખ્યો મે હાર ખાધી અને એમની દૃષ્ટિએ એમનુ કામ નિર્વિઘ્ન થયુ પછી જ્યારે જ્યારે હુ સવારે એમના માળા નીચેથી આટા મારતો ત્યારે પોતાની કુદરતી લાલ આખોથી તેઓ મારી તરફ તાકીને જોતા, અને હુ ધારુ છુ કેટલાયે શાપ આપતા પણ એમની આખની લાલાશમા કઇ તપસ્યાનો અગ્નિ ન હતો કે હુ બળી જાઉં એમના ભારથી જ એમનો માળો વણીનાગ પડી ગયો, આખરે માળો અડધો તયાર થાય તેના પહેલા જ માદાએ એ માળામા ઇંડુ મૂક્યુ, અને બને તેને વારાફરતી સેવવા લાગ્યા એક દિવસ નર ઊડતા ગયો અને એના ભારથી આખો માળો ઢળી પડ્યા અને ઇંડુ ફૂટી ગયુ આમ છતા એ શેઠશેઠાણીને ડહાપણ ન આવ્યુ ફરી બીજો માળો શરૂ કર્યો આ વેળા કઇક સારો થયો હતો પણ તે પૂરો થાય ત્યાર પહેલા જ માદાએ બીજુ ઇંડુ મૂક્યુ તે પણ ગબડી

પડયુ પણ આ વખતે સીધુ ભોય પર ન પડવાથી તેના કકડા ન થતા માત્ર કોચલામા તડો પડી મે એ માળો ફરી ઉપર ગોઠવ્યો અને ઇડુ અંદર મૂકી દીધુ આ ઈડામાથી બચ્ચુ નીકળે એમ તો હવે હતુ જ નહિ, પણ મને થયુ કે આ ઘેલા જોડાને આસાયેશ તો મળશે એક દિવસ એ લોકોએ ઇડુ મેલ્યુ, પણ તેમના પ્રાક્તનમા દુખ જ લખેલુ હતુ તે કેમ ટળે ? એક ખીસકોલીને આ ફૂટેલા ઇડાની ભાળ લાગી અને કબુતર નથી એવો લાગ જોઇ તેણે ઇડુ ફોડી ખાધુ ! તેના દાતનો અવાજ સાભળી હુ પાસે ગયો ખીસકોલી ફલાહારી પ્રાણી છે એમ અત્યાર સુધી હુ માનતો તેને આવી રીતે ઇડુ ખાતી જોઇ મને આશ્ચર્ય થયુ અને ખીસકોલી વિષે મારા મનમા જે કાવ્યમય પ્રેમ નાનપણથી બધાયો હતો તે પણ એકદમ ઓછો થયો કબુતર અને ખીસકોલી બને નિરપરાધ અથવા કાયની દૃષ્ટિએ નિષ્પાપ પ્રાણી છે એમ હુ માનતો તેમા વળી ખીસકોલીને પોતાના બચ્ચાના રક્ષણ સારૂ કાગડા પર ધસારો કરતી જોઇ ત્યારથી કબુતર કરતા પણ મેં એને ઉચ્ચુ સ્થાન આપ્યુ હતુ કબુતર બીજાને ઇજા કરે નહિ એ ખરૂ, પણ સાથે સાથે પોતાનું રક્ષણ કરવા જેટલા પણ ડહાપણ કે હિમત તેની પાસે ન મળે ખીસકોલી હિંસામા અસમર્થ પણ સ્વસંરક્ષણમા સમર્થ એવુ આદર્શ પ્રાણી છે એમ મેં માન્યુ હતુ પણ એક કમબખ્ત ખીસકોલીએ પેલા ઇડાની પેઠે જ મારૂ કાવ્ય પણ તોડી નાખ્યુ

૮

ફરી પાછી પાનખર ઋતુ આવી ઉડાઉ માણસના વૈભવની પેઠે ઝાડવાના પાદડા ઝપાટાબધ ખરી પડવા લાગ્યા કેદીઓ આગણુ વાળીવાળીને થાકી જતા સવારે સુપરિન્ટેન્ડન્ટ આવે તે વખતે એક પણ પાદડુ જમીન પર ન જોઇએ સુપરિન્ટેન્ડન્ટનો વખત નક્કી ન હોય કોઇવાર સાત વાગે આવે ને કોઇવાર નવ વાગ્યા સુધીયે ન આવે કોઇવાર વળી હુ મારો એટલે મને જોવા બધુ કામ કરી પરવારી બાર સાડાબાર વાગે આવે! ત્યા સુધી આગણુ સાફ રહેવુ જોઇએ, પછી ભલે ગમે તે થાય ઝાડ જેલના ખરા, પણ એ કઇ સુપરિન્ટેન્ડન્ટનો હુકમ માને? આખો દિવસ પાદડા વરસાવ્યા જ કરે અને પવન નિષ્પક્ષપાતપણે આગણામા તે બધા પાદડા સરખી રીતે વેરી દે બિચારા કેદીઓને આગણુ ફરીફરીને વાળવુ પડતુ જેલમા 'તાર'ની ખાનગી વ્યવસ્થા ન હોત તો કેદીઓ મરી જ જાત પણ બલિહારી તારની! સવારની 'રોન'મા તપાસ કરવા સુપરિન્ટેન્ડન્ટ ઉપડે કે અરધી જ મિનિટમા આખી જેલમા 'તાર' દ્વારા ખબર પહોચી જાય અને કેદીઓ ઝપાટાબધ આગણા સાફ કરી રાખે

એક દિવસ એક પીળુ પતગિયુ અમારા આગણામા આવ્યુ સાધારણ રીતે પીળા પતગિયા મને બહુ ગમે છે એમ નથી, પણ જેલમા તો એવા પતગિયાના દર્શન પણ દોહ્યલા અને પતગિયુ પણ આખો દિવસ હવામા તરતુ હતુ અમારા આગણામા મે વાવેલા કેટલાક ગલગોટાના છોડ ઉપરાત એકે ફલઝાડ હતુ નહિ અને ગલગોટામા પતગિયાને કે ભમરાને આકર્ષક કશુ ન મળે છતા પતગિયુ એક દિવસ મહેમાન કેમ બન્યુ એ સમજાયુ નહિ એની સરકારે કદી એને ૧૨૪ કે ૧૫૩મી કલમની રૂએ અહીં મોકલ્યુ નહિ હોય આવા ગુન્હાઓ તો માનવીને જ કરવા પડે છે

પાનખર ઋતુ જામતી ગઇ તેમ પક્ષીઓ પણ મૂગા થયા સવારસાજના કલ્લોલ બધ થતા બહુ જ સૂનુસૂનુ લાગતુ શહેરના રહેવાસીઓ કુદરતથી એટલા અળગા થએલા હોય છે કે આજે કઈ ઋતુ ચાલે છે એનુ પણ તેમને ભાન નથી હોતુ આજના આપણા કેળવાએલા મૂછ વગરના કે મૂછ ફૂટેલા છોકરાઓને પૂછો કે કયા મહિનામા કયા ફલ ઉગે છે, જાબુ કયા મહિનામા થાય છે, ઇદ્રધનુષ કયા કયા મહિનામા દેખા દે છે, આકાશમાથી કરા કયા મહિનામા પડે છે ? શહેરના છોકરાને એટલી જ ખબર હોય છે કે આઇસક્રીમની ઋતુ પછી છત્રી ઓઢવાની ઋતુ આવે છે અને ત્યારપછી ગળે મફલર બાધીને ફરવાની ઋતુ આવે છે ! ગામડાના લોકોનુ જીવન ઋતુઓ સાથે પૂરેપૂરૂ સકળાએલુ હોય છે ધાર્મિક માણસના તહેવાર ઋતુ અનુસાર ગોઠવેલા હોય છે અને પક્ષીઓનુ તો જીવન અને મરણ ઋતુઓની રાજી નારાજી પર નિર્ભર રહે છે શિયાળો જામ્યો એટલે પક્ષીઓ ગુન્હેગારની

પેઠે ચુપ થઇ ગયા હિંમતથી આમતેમ ફરે ખરા, પણ વસમા દહાડા આવ્યાનુ ભાન હોય એમ તેમના છાતી અને માથા પરથી જણાતુ હતુ

હવે બે નવા પ્રાણી અમારુ રંજન કરવા આવવા લાગ્યા મોટા મોટા સારસનુ એક જોડુ રોજ સાજે સૂર્યાસ્ત પછી બહુ મોડુ સાબરમતીના પટ તરફથી રાણીપ કે કાળીની દિશામા નિયમસર જતુ લાબા લાબા પગ ખેચીને પેટની અડોઅડ રાખેલા અને વચમા જ થોડી થોડી વારે 'ચકર્ ચર્ર્' એવો શબ્દ કરતુ આ જોડુ દરિયામા મોટા જહાજ જાય તેમ અમારા માથા પર થઈને પસાર થતુ કોઇ કોઇ વાર એમને એટલુ અસૂર થતુ કે તેમનો શબ્દ સભળાય પણ આકાશમા દેખાય નહિ મને લાગે છે 'ચકર્ ચકર્' અવાજ ઉપરથી જ આપણા પૂર્વજોએ તેમનુ નામ 'ચકર્વાક્' રાખ્યુ હોય અને પછી સસ્કૃત લોકોએ તેનુ 'ચક્રવાક' એ સસ્કારી નામ કર્યુ હોય બહુ મોડુ થાય એટલે તેમના અવાજમા ગભરાટ જણાય, પણ બીજે દિવસે વહેલા ઘેર જવાનો કાઇ નિશ્ચય કર્યો હોય એમ લાગે નહિ વાદરાઓ રોજ રાત્રે નિશ્ચય કરે છે કે આવતી કાલે સવારે ઊઠીને સૌથી પહેલુ ટાઢ સામે ઘર બાધીશુ ને પછી જ ખાવાનો વિચાર કરીશુ પણ વાદરાઓએ હજી ઘર બાધ્યા નથી ને સારસો સવેળા ઘેર પહોચ્યા નથી જેનો જે સ્વભાવ પડ્યો તે કઇ તે છોડી શકે? ગીતાજીમા અમસ્થુ નથી લખ્યુ 'प्रकृति यान्ति भूतानि निग्रह किं करिष्यति ?'

શામળભાઇ પાસેથી રોટલાના કકડા ખાઇખાઇને કાગડાઓ સારી પેઠે માત્યા હતા મન થયુ ચાલો કાગડાઓને જરા કસરત કરાવુ હુ રોટલાના કકડા આકાશમા ખૂબ ઉચે ઉછાળુ

ધારણા એવી કે કાગડા ઊડીને આકાશમાં ને આકાશમાં કકડા અદ્ધરથી ઝીલી લે. પણ એ બાધાઓ માથું ઉંચું કરીને કકડો ક્યાં ઊડે છે ને ક્યાં પડે છે તે ઠંડે પેટે જોઈ લેતા અને કકડો નીચે પડે એટલે એને માટે પડાપડી કરતા મે શામળભાઈને કહ્યું, 'તમારા ગુજરાતના કાગડા સાવ નાલાયક છે અમારે ત્યાં નાનપણમાં હું ચેવડામાંથી કાજુ વીણીવીણીને આકાશમાં ઊડાડતો ત્યારે કાગડાઓ એકેએક અદ્ધર જ ઝીલી લેતા પણ આ બાધાઓ તો ડોળા ફાડીને જોઈ જ રહે છે'' શામળભાઈમાં કંઈ પ્રાન્તીય અભિમાન ઓછું હતું? તેમણે કહ્યું, 'અમારે ત્યાંના કાગડા ઓછા જ ભૂખડીબારસ હોય છે?'

પણ આ કાગડાઓને જે હું શીખવી ન શક્યો તે સમડીએ શીખવ્યું પાંચપચાસ કાગડા વચ્ચે રોટલાના કકડાના ફુવારા ઊડતા જોઈ એક સમડીએ લાગ સાધ્યો અને ઝડપ દઈને આવી અને એક મોટો કકડો લઈ ગઈ કાગડા ચેતે તે પહેલાં તો બીજી સમડી આવી ને બીજો કકડો લઈ ગઈ' પોતાના નિત્યવૈરીની જીત જોઈને કાગડાઓ ખૂબ ચીઢાયા તેમનાથી આ અપમાન સહ્યું જાય એમ ન હતું તેમણે એ નવીન કળા હસ્તગત કરવાની — બલ્કે, ચચુગત કરવાની — પ્રતિજ્ઞા લીધી, અને કાર્થેજના લોકો સામે જેમ રોમન લોકો અને ઇરાનના લશ્કર સામે ગ્રીક લોકો નૌકાયુદ્ધમાં ફાવ્યા તેમ કાગડા સમડી સામે આ કળામાં પણ ફાવ્યા કાગડા રોટલાના કકડા ઝીલતા શીખ્યા, એટલું જ નહિ પણ સમડી સામે ચોકી પણ કરતા શીખ્યા કાગડાઓ તરફનું મારૂ ધ્યાન જોઈ શામળભાઈના મનમાં અદેખાઈ ઉપજી પણ

એમને કંઈ ઇલાજ સૂઝયો નહિ, એટલે મને કહ્યું, 'આજથી કાગડા તમામ ને ખીસકોલી મારી' મે કહ્યું, 'મારી ના નથી' પણ ખીસકોલીનો અનુનય કરવાની કળા એમની પાસે ક્યા હતી? એમની કળા તો કાગડા સુધી જ પહોચે એવી હતી

પણ સત્યસંકલ્પનો ફળદાતા ભગવાન બેઠો જ છે એક દિવસ એક કેરીની ટોપીમા ખીસકોલીનુ એક નાનકડું બચ્ચુ શામળભાઇ મારી પાસે લઇ આવ્યા અને કહેવા લાગ્યા, 'એક કાગડો આને લઇ જતો હતો અમે બે જણાએ ચાલાકી કરી એને બચાવ્યુ છે હવે એનુ શુ કરીએ?' મને કૉલેજના દિવસો યાદ આવ્યા એક ચીથરાની દીવેટ બનાવી દૂધમા બોળી એ બચ્ચાને ચૂસવાને આપી પણ એ ગભરાએલુ બચ્ચુ કેમે કર્યું દૂધ ચૂસે જ નહિ રોટલો આપ્યો, ખીચડી આપી, ભાત આપ્યો પણ પેલુ બચ્ચુ તો એમાથી કશાને અડે જ નહિ આખરે મારા નહાવાના ડબામા એક લુગડું પાથરી તેમા એને બેસાડી દીધુ અને અમે સૂઇ ગયા બીજે દિવસે તો એણે ચીસો પાડી પાડીને આખુ વાતાવરણ કરૂણ કરી મૂક્યુ શામળભાઇ બિચારા વ્યાકુળ થઇ ગયા બચ્ચાનું શુ કરવુ એ કોઇને સૂઝે નહિ દરેક જણ આવીને બચ્ચાને હાથમા લે બિચારૂ બચ્ચુ જાન બચાવવા ખાતર હાથમાથી કૂદી પડે, થાકી જાય, પેશાબ કરે, ને ફરી દોડે એક વખત તો ઠાકોર સાહેબના ઓરડામા બળતણ પડયુ હતુ તેમા જઇને ભરાઇ બેઠું મુશ્કેલીથી અમે તેને બહાર કાઢ્યુ કાગડા અને બિલાડી બન્નેના મોંથી તેનુ રક્ષણ કરવુ એ સહેલી વાત નહોતી બીજો દિવસ પણ પૂરો થવા આવ્યો

બે દિવસ થયા બિચારાને કડાકા હતા કાગડાબિલાડીના મોંથી એને કેમ બચાવાય એ અમને મોટી ચિંતા થઇ પડી હતી અંતે બપોરના ચાર વાગે મે જોયુ કે એક ખીસકોલી ઝાડે ઝાડે ને ઓરડીએ ઓરડીએ વ્યાકુળ થઇને ફરે છે, એ જ આ બચ્ચાની મા હોવી જોઇએ જે ઓરડીમા મે ડબ્બો રાખ્યો હતો એ ઓરડી તરફ તે જાય એટલા માટે મે એને એક બે ઠેકાણેથી હાકી કઇ ભાષામા હુ એને સમજાવુ કે તારૂ બચ્ચુ મારી ઓરડીમા છે ને એની સલામતી ખાતર જ એને અંદર નાખ્યુ છે? બિચારી માને થયુ હશે કે હું દુખિયારી બચ્ચાની શોધમા રખડુ છુ ત્યા આ જમદૂત મારી કેડે પડયો છે, જંપવા પણ નથી દેતો આખરે ઠાકોર સાહેબ, શામળભાઇ, એક બે પોલીસ, ઠાકોર સાહેબનો કેદી રસોઇઓ અને હુ સૌએ મળીને એક કાઉન્સિલ બેસાડી અને હામ ભીડીને એક યોજના ઘડી કાઢી ક્રીકેટની રમતમા જેમ ઠેકઠેકાણે ક્ષેત્રપાલો ઉભા રહે છે તેમ બધા દૂરદૂર ઉભા રહ્યા મે બચ્ચાવાળો ડબ્બો ઓરડીમાથી બહાર આણ્યો અને જે ઝાડ ઉપર પેલી મા ખીસકોલી ફરતી હતી તેની નીચે આડો મૂકી દીધો બે ત્રણ કાગડાઓએ આ જોયુ પછી કંઈ એ મહાશયો ત્યાથી ખસે? લોભી આખે તેઓ એકી ટશે જોવા લાગ્યા પણ અમારા ક્ષેત્રપાલો પૂરેપૂરા સાવધાન હતા બચ્ચુ ડબ્બામાથી બહાર નીકળ્યુ અને એણે કિલ કિલ કિલ કિલ કરી કારમી ચીસ પાડી મારૂ ધ્યાન મા ખીસકોલી તરફ હતુ તે વખતની એની મુદ્રા જોવા જેવી હતી એનો જીવ કાન અને આખમા આવી રહ્યો હતો બચ્ચાનુ દર્શન થયુ એટલે બાકીની બધી સૃષ્ટિ એને માટે શૂન્ય થઇ ગઇ એ ઉપરથી

ખીસકોલીની દોટથી દોડતી નીચે આવી સ્ટેશન નજીક આવતા રેલગાડી જેમ સીસોટી વગાડે તેમ અવાજ કરતી ખીસકોલી આવી બચ્ચુ પણ મા તરફ દોડયુ બનેનો ભેટો થયો તરત જ મા ચોમેર નજર નાખવા લાગી અમારે એ માને બીક ન લાગે એટને દૂર, પણ કાગડા ફાવી ન શકે એટલે નજીક ઉભા ગ્હેવુ જરૂરી હતુ

હવે એક ભારે દૃશ્ય જોવાનુ મળ્યુ માને થતુ હતુ કે એક ક્ષણનો પણ વિલબ કર્યા વગર આ બચ્ચાને માળામા લઇ જાઉ તો જગ જીતી બચ્ચાને એનો ખ્યાલ કયાથી આવે ? તે તો બે દિવસનુ ભૂખ્યુ હતુ માને જોઇ કે તગ્ત જ તેને ધાવવા દોડયુ મા એને મોઢામા પકડીને ઉચકવા જાય અને બચ્ચુ તેમાથી છટકી ધાવવા જાય ! મિનિટ દોઢ મિનિટ સુધી આ છોડવળગ ચાલી આખરે બચ્ચાનો વિજય થયો માએ જોઇ લીધુ કે બચ્ચુ સમજે એમ નથી, એટલે જીવને જોખમે તે ત્યા જ થોભી ગઇ બચ્ચાને ધાવવા દીધુ ભૂખ્યા સિપાઇઓ રણાગણ પર શિરને સાટે પણ ભોજન કરે છે એના જેવો આ પ્રસગ હતો બચ્ચાની ભૂખ જરા ભાગી એટલે માએ દૃઢતાથી બચ્ચાને એના પેટની ચામડી વતી ઝાલ્યુ બચ્ચાએ તરત જ પોતાના ચારે પગ અને પૂછડી માને ગળે વીંટાળી દીધા માના ગળાની આસપાસ આ એના હૃદયનુ ધન અમૂલ્ય હાગ્ની પેઠે વીંટળાઇ રહ્યુ તેને સાચવી માથુ ઊચુ કરીને મા આગણુ વટાવી ઓટલા પર આવી અમે ફૂડાળુ નાનુ કર્યુ ઓટલાની કોગ આગળ જ્યા દીવાલનો ખૂણો બહાર આવ્યો હતો તેની ધાગ ઉપરથી ખીસકોલી ટગુમગુ કરતી ચઢવા લાગી શી એની સભાળ ! શી એની એકાગ્રતા ! ઉપગ

લગભગ છાજ સુધી પહોચી ગઇ ત્યાથી કુદકો મારી લાકડાન' પીઢિયા સુધી પહોચાય એમ હતુ કુદકો મરાશે કે નહિ કુદકો મારવાની હિમત કરી મા બાખા શરીરનો સકોચ કરે, પણ કુદતા પહેલા જ હિમત હારી જાય ! નિરાશ થઇ નીસાસો મૂકે ફરી બીજી રીતે પ્રયત્ન કરે દસેક વાર તો જમણી બાજુથી ડાબી બાજુ ને ડાબી બાજુથી જમણી બાજુ ગઇ હશે ઉપરથી પડી જાય તો બચ્ચુ જીવતુ ન રહે જેટલા જેટલા નિષ્ફળ પ્રયત્ન થાય તેટલી શક્તિ ઓછી થાય અને પ્રયત્ન સફળ થવાની આશા પણ ઓછી થાય બિચારીએ એકવાર હતાશ થઇને ચીસ પાડી કયો ભક્ત આથી વધારે વ્યાકુળ પ્રાર્થના કરી શકે ? અમે આટલા જણ આસપાસ ઉભા હતા પણ એની શી સેવા કરીએ ? માણસજાતે આજ સુધીમા કયા ખીસકોલીનો વિશ્વાસ સપાદન કર્યો છે કે આજે એ તેમને પાસે આવવા દે ? મને એક વિચાર સૂઝયો દોડતો જઇને હુ મારો ખેસ લઇ આવ્યો બે છેડા મારા હાથમા ને બે શામળભાઇના હાથમા એમ કરી જમીનથી એક બે હાથ ઉંચે અમે ખેસ પહોળો કરી પકડી રાખ્યો ઉદ્દેશ એ કે ખીસકોલી કે એનુ બચ્ચુ પડે તો તેમનો છૂદો ન થઇ જાય આખરે ઇશ્વરે ખીસકોલીની ધા સાભળી એના શરીરમા અસાધારણ બળ આવ્યુ સાસ રોકી એણે વિશ્વાસપૂર્વક એક કુદકો માર્યો અને એક પળમા તે મુકામે પહોચી ગઇ ! બે છાપરાની સાધમા મોભના નળિયા નીચે ખીસકોલીનુ નિવાસસ્થાન હતુ તે દિવસે રાત્રે મા અને બચ્ચાએ કેવી મીઠી ઉંઘ લીધી હશે ! સાચે જ માને થયુ હશે કે જગ જીતી ! ત્યાર પછી કેટલાયે દિવસ એ માને અને એ બચ્ચાને અમે જોતા અને ઓળખતા

અબળા કરતાયે પરાધીન

થોડા જ દિવસમા ઇન્સ્પેક્ટર જનરલ આવવાનો હતો એટલે એના આવનાની તૈયારીઓ ચાલી મકાનો ધોળાયા, ચૂનાસીમેટનુ કામ કરવા જેવુ હતુ તે થયુ, છાપરા ચળાયા, અને થાભલાઓ તેલપાણીમા નહાયા કેદીઓની કવાયત કઈ રીતે ચાલતી વગેરે વિગતો રમુજી છે ખરી, પણ તે આ પ્રકરણના ઉદ્દેશ બહારની વાત છે પણ એ અરસામા રાત આખી અમને દીવાનુ દર્શન થતુ હતુ એ વાત લખ્યા વગર નહિ ચાલે અમે રહેતા હતા ત્યાથી પુષ્કળ દૂર જેલનો મુખ્ય દરવાજો આવેલો છે આ દરવાજા પર ઉપલે માળે સુપરિન્ટેન્ડન્ટની ઑફીસ છે અમારી પરસાળમાથી આ ઑફીસ બરાબર દેખાતી ૩૫–૪૦ રૂપીઆમા મહિનો આખો વૈતરુ કરી રાજીરાજી રહેનાર જેલનો કારકુન સામાન્ય રીતે રાતના દસ વાગ્યા સુધી આ ઑફીસમા બેસી કામ કરે છે મને લાગે છે એનો હેડક્લાર્ક પણ તેટલુ જ બેસે છે પણ હવે તો ઇન્સ્પેક્ટર જનરલ આવવાનો એટલે ઑફીસનો દીવો રાતના બે વાગ્યા સુધી બળ્યા કરતો હોય કોક કોક વાર તો પરોઢિયાના ચાર સુધી કામ ચાલે! ઑફીસની ઓરડી આટલી દૂર અને આટલી ઊચી, છતા ત્યાથી અમારા ઓરડા સુધી સ્વચ્છ પ્રકાશ આવતો ચોપડી વચાય એટલો તો નહિ પણ જરાતરા દેખી શકાય એટલો ખરો જેલમા રાતે આટલુ અજવાળુ મળે એ કઈ નાનીસૂની સગવડ ન કહેવાય એટલે અમે એક તરફ ઉજાસ મળ્યાનો આનન્દ અનુભવતા, અને બીજી તરફ આઠે પહોર વૈતરુ કરનાર, દિવસરાત ઉપરીના ઠપકાના ભય હેઠળ જીવનાર, અબળા કરતા પણ વધારે પરાધીન આવા પેલા કારકુનોની દયા ખાતા

'માસ ગણતાં દિન રહ્યા'

કાળને મૃત્યુના ઘાનુ ઓસડ કહી કોઈ લોકકવિયે 'ગણુતા માસ થયા વરસે આતગ્યા' વાળો દુહો કહ્યો છે પણ જેલવાસ સામાજિક મૃત્યુ છે એટલે ત્યાનો ક્રમ 'માસ ગણુતા દન રહ્યા' એવો ઉલટો હોય છે આમ હવે વિદાયનો દિવસ પાસે આવવા લાગ્યો સો દિવસના પચાસ રહ્યા પચાસના પચીસ થયા પછી તો આઠ જ દિવસ રહ્યા શામળભાઈની ધીરજ ખૂટી તેમણે દિવસની ગણતરી છોડી દીધી અને કલાકો ગણવા લાગ્યા હવે સવાસો કલાક રહ્યા, હવે પોણોસો રહ્યા આગણામા ઉછરતા આંબાની ને જાબુડાના વિરહની કલ્પના મનમા આવવા લાગી જાબુડાને જીવાત લાગી હતી જીવાત ઝાડના પાદડા ખાઇ ખાઇ તેનો જીવ લેવા મથતી હતી મે જતનપૂર્વક ખવાએલા પાદડા કાઢી નાખ્યા હતા સહેજસાજ બગડેલા પાદડા અને ઝાડનુ થડ રોજ આયોડિનના પાણીથી હુ ધોતો આમ કરીકરીને જાબુડાને મે બચાવ્યો હતો પછી એને નવા પાદડા ફૂટયા હતા અને એવો તો પ્રસન્ન દેખાતો હતો કે જાણે વસન્તની વનશ્રી આંબો પણ આની જ રીતે બચાવેલો હતો ઠાકોરસાહેબના રસોઇઆએ આબાને રાખ અને એઠવાડનુ એટલુ બધુ ખાતર આપ્યુ હતું કે બિચારો લગભગ ગૂગળાઇ ગયો હતો એને પણ સરસ ક્યારો બનાવી સુખી કર્યો હતો મારા ગયા પછી આ બન્નેનુ શુ થશે એ ખ્યાલ મનમા આવ્યા વિના કેમ રહે? ગલગોટાનુ ઝાડ તો કયારનુ સુકાઇ ગયુ હતુ એની આશા છૂટી ગયા પછી એના ગોટા તોડી તોડીને હુ છડીઓ બનાવતો જેલના રુક્ષ વાતાવરણમા ગલગોટાની છડી પણ મજાની લાગતી

क्षीणे पुण्ये !

આખરે ફેબ્રુઆરીની પહેલી તારીખ ઉગી. સવારે ઊઠી મેં નહાઈ લીધું. જેલના ભ્રષ્ટ ખોરાકની ... કાઢવા સારુ આગલે દિવસે મેં અપવાસ કર્યો ... નહાઈને શરીર સ્વચ્છ કર્યું. મારો લગભગ બધો સામાન આગલે દિવસે મેં ઘેર મોકલી દીધો હતો, એટલે ... ફરવાપાનું કંઈ હતું જ નહિ. આબાને તેમજ ... છેલવેલું પાણી પાયું. હીરાને મળવાનું મન હતું, ... આટલી વહેલી તે ક્યાંથી આવેલી હોય? જેલની ચારે દીવાલ... ઘેરાએલા આકાશમાં તારાઓનું છેલ્લું દર્શન કરી ... એટલામાં ઠાકોર સાહેબ ઉઠ્યા. શામળભાઈ પણ ... આવ્યા. અમે ત્રણે જણાએ જેલના નિયમ વિરુદ્ધ ... બેસીને પ્રાર્થના કરી. શામળભાઈએ

> ' રામ ભજ તું પ્રાણિયા,
> તારા દેહનું સારથ થશે,
> તારી કંચનની કાયા થશે,
> રામ ભજ તું પ્રાણિયા '

વાળું પરભાતિયું ગાયું.

પરભાતિયું પૂરું થતાં પહો ફાટ્યા. પણ મહાર લઈ ... કોઈ આવ્યું નહિ. શામળભાઈએ કહ્યું, ' હોજ આ... તુળશીના છોડને તો તમે ભૂલી જ ગયા ! ' હું શર... દોડતો જઈ તુળસીને ક્યારામાં એક ડબો પાણી પાયું. એટ... એક વૉર્ડર આવ્યો અને એણે મને દરવાજે ચાલવા કહ્યું. સુપરિન્ટેન્ડન્ટ સાથે વિદાયના બે શબ્દ બોલીને હું જેલ બહાર પડ્યો. નીકળતાંવેંત મોઢામાંથી ઉદ્‌ગાર નીકળી ગયો :

क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति !